E mail - prdpraval@yahoo.co.uk
www.janfariyadnews.com
RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)
* Volume : 10 * Issue No. 305 * Date: 25.08.2024,Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## '૨૦૦ યુનિટ ફ્રી વીજળી, ગરીબોને વર્ષમાં ૧૨ સિલિન્ડર', : મહેબૂબા મુફ્તી




જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી લઈને રાજકીય ગતિવિધિઓ તેજ બની છે. આ દરમિયાન પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (ઁ) વડાં મહેબૂબા મુફ્તીએ શ્રીનગરમાં ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો છે. તેમણે કહ્યું કે, 'અમે સમાધાન અને વાતચીત ઈચ્છીએ છીએ. અમે ઈચ્છીએ છીએ કે ઁત્નદ્ધમાં શારદા પીઠ તીર્થસ્થળનો રસ્તો ખુલ્લો કરવામાં આવે જેથી કાશ્મીરી પંડિતો ત્યાં જઈ શકે.' આ ઉપરાંત તેમણે જમ્મુ-કાશ્મીરમાં મંદિરો, મસ્જિદો અને દરગાહને ફ્રી વીજળી આપવાની પણ જાહેરાત કરી હતી.પીડીપીના વડાં મહેબૂબા મુફ્તીએ કહ્યું કે, 'અમે ૨૦૦ યુનિટ સુધી ફ્રી વીજળી આપીશું, અમે પાણી પરનો ટેક્સ નાબૂદ કરવા માંગીએ છીએ, પાણી માટે મીટર ન હોવા જોઈએ. ગરીબો માટે કે જેમના ઘરમાં ૧થી ૬ લોકો છે, અમે મુફ્તી મોહમ્મદ સઈદ યોજના ફરીથી લાગુ કરવા માંગીએ છીએ. અમે એક વર્ષમાં ગરીબોને ૧૨ સિલિન્ડર આપીશું અને વૃદ્ધાવસ્થા પેન્શન અને વિધવા પેન્શનને પણ બમણું કરીશું.'મહેબૂબા મુફ્તીએ કહ્યું કે, 'અનુચ્છેદ ૩૭૦ એ જમ્મુ-કાશ્મીર અને બાકીના દેશ વચ્ચેનો સેતુ હતો, પરંતુ તે પુલ હવે જતો રહ્યો છે. ભાજપ સરકારે અલગતાવાદીઓને જેલમાં ધકેલી દીધા છે. તેઓએ યાદ રાખવું જોઈએ કે તેમના જ નેતાઓ અટલ બિહારી વાજપેયી અને લાલકૃષ્ણ અડવાણી યાસીન મલિક, શબ્બીર શાહ અને મીરવાઈઝ ફારૂકને મળ્યા હતા. તેને જેલમાં નાખવો એ કોઈ ઉકેલ નથી, કાશ્મીરનો મુદ્દો હજુ જીવીત છે, નહીતર એન્જિનિયર રાશિદ જીત્યા ન હોત.'

ઉલ્લેખનીય છે કે, આ વખતે પીડીપી વડાં મહેબૂબા મુફ્તીના સ્થાને તેમની પુત્રી ઈલ્તિજા મુફ્તી ચૂંટણી લડી છે. ઈલ્તિજા મુફ્તી બિજબિહારા વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડશે. મહેબૂબા મુફ્તીએ આ સીટ પરથી ૧૯૯૬માં પહેલીવાર વિધાનસભા ચૂંટણી લડી હતી.

ઉલ્લેખનીય છે કે, જમ્મુ-કાશ્મીર વિધાનસભાની ચૂંટણી ત્રણ તબક્કામાં ચૂંટણી યોજાશે. પહેલા તબક્કાનું મતદાન ૧૮મી સપ્ટેમ્બર, બીજા તબક્કાનું મતદાન ૨૫મી સપ્ટેમ્બર અને ત્રીજા તબક્કાનું મતદાન પહેલી ઑક્ટોબરે થશે. પરિણામ ચોથી ઑક્ટોબરે જાહેર થશે.

## દક્ષિણ ગુજરાતમાં ધોધમાર વરસાદ, ઉમરપાડામાં ૮ ઈંચ વરસાદ

રાજ્યમાં દક્ષિણ, મધ્ય, ઉત્તર ગુજરાત સહિત સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે, ત્યારે હવામાન વિભાગે રાજ્યમાં આગામી ૨૯ ઑગસ્ટ સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. આ દરમિયાન દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, વલસાડ સહિતના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ ખાબક્યો છે. હવામાન વિભાગ દ્વારા આજે (૨૪ ઑગસ્ટ) વલસાડ જિલ્લામાં રેડ એલર્ટ અને સુરત, તાપી, નવસારી, નર્મદા, ભરૂચ જિલ્લામાં ભારે વરસાદને પગલે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, ત્યારે સુરતના ઉમરપાડામાં ૮ ઈંચ વરસાદ ખાબક્યો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૫૩ તાલુકામાં ભારેથી અતિભારે વરસાદ ખાબક્યો છે.



સુરત જિલ્લામાં વહેલી સવારથી સાવત્રિક વરસાદ વરસી રહ્યો છે, જેમાં ઉમરપાડામાં ધોધમાર વરસાદ પડતા સવારે આઠ વાગ્યાથી બપોરના બાર વાગ્યા સુધીમાં ૫ ઈંચ વરસાદ ખાબક્યો છે, ત્યારે અત્યારસુધીમાં ૮ ઈંચ વરસાદ ખાબક્યો છે.

## મુંબઈથી હૈદરાબાદ જતું હેલિકોપ્ટર પૂણેમાં થયું ક્રેશ, ચાર લોકો હતા સવાર

મહારાષ્ટ્રના પુણે જિલ્લામાં હેલીકોપ્ટર ક્રેશ થવાની ઘટના સામે આવી છે. પુણેમાં હાલ ઝડપી પવન સાથે ભારે વરસાદ વરસી રહ્યો છે. ત્યારે ખરાબ વાતાવરણના કારણે આ ઘટના ઘટી હોવાનું અંદાજ લગાવવામાં આવી રહ્યું છે. હેલીકોપ્ટરમાં ચાર લોકો સવાર હોવાની માહિતી મળી છે. જેમાં એકની હાલત ગંભીર છે જ્યારે અન્ય ત્રણ લોકો સુરક્ષિત છે. ઘટનાના સંબંધમાં એક પોલીસ અધિકારીએ જણાવ્યું છે કે, 'પુણેના પૌડ ગામ નજીક પ્રાઈવેટ એવિએશન કંપનીનું હેલીકોપ્ટર ક્રેશ થયું છે, આ હેલીકોપ્ટર મુંબઈથી હેદરાબાદ જઈ રહ્યું હતું અને તેમાં ચાર લોકો સવાર હતા. 'આ ઘટનાના એક પ્રત્યક્ષદર્શીએ મીડિયા સાથે વાત કરતાં જણાવ્યું કે, 'જ્યારે આ ઘટના બની ત્યારે હું નજીક જ હતો. મેં જોયું કે એક હેલીકોપ્ટર નીચે પડી રહ્યો છે, જ્યારે તે નીચે પડ્યો ત્યારે હું તેની પાસે ગયો. મેં પાયલોટ સાથે વાત કરવાનો પ્રયાસ કર્યો પણ તે વાત કરવાની સ્થિતિમાં નહોતો. તે ગભરાઈ ગયો હતો અને લોકોને કહી રહ્યો હતો કે અહીંથી હટી જાઓ, હેલીકોપ્ટર બ્લાસ્ટ થઈ શકે છે.'પ્રત્યક્ષદર્શીએ વધુમાં જણાવ્યું કે, 'જે સ્થળે આ ઘટના બની છે, તે ખૂબ જ નાની જગ્યા છે. ત્યાં જવું ઘણું મુશ્કેલ છે. અહીં બે દિવસથી ભારે વરસાદ વરસી રહ્યો છે, મને લાગે છે કે કદાચ આ જ કારણસર આ ભયંકર ઘટના બની છે. મને બ્લડ પ્રેશરની સમસ્યા છે અને આ દુર્ઘટના જોઈ હું ખૂબ જ ડરી ગયો હતો

## ગાંધીનગર જિલ્લામાં સાર્વત્રિક વરસાદની મેઘમહેર, આજે પણ દહેગામમાં સવારે બે કલાકમાં ત્રણ ઈંચ વરસાદ વરસ્યો



ગાંધીનગર શહેર અને જિલ્લામાં છેલ્લા બે દિવસથી વરસાદી માહોલ જામ્યો હોય તે પ્રકારે વરસાદ પડી રહ્યો છે. ત્યારે વરસાદની અવિરત ગતિ હજુ પણ ચાલુ રહ્યું હોય તે પ્રકારે શુક્રવારે જિલ્લામાં વરસાદ પડયો હતો. તો બપોરે શરૂ થયેલા વરસાદના પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે. બીજી તરફ દિવસ દરમિયાન રાજ્યના પાટનગરમાં ૨ ઈંચ વરસાદ ખાબકી ચુક્યો છે.તો બીજી તરફ દહેગામમાં ત્રણ, માણસામાં દોઢ, કલોલ અને ગાંધીનગર તાલુકામાં પણ વરસાદ નોંધાયો હતો. આજે પણ સવારથી જિલ્લામાં વરસાદ સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે. જે અન્વયે દહેગામ તાલુકામાં સવારે બે કલાકમાં ત્રણેક ઈંચ વરસાદ વરસી ચૂક્યો છે.

ગાંધીનગર શહેર અને જિલ્લા ઉપર મેઘરાજા આ વર્ષે એક સપ્તાહ મોડા વરસ્યા હોય તે પ્રકારે વાતાવરણમાં પલટો આવતો હતો અને વરસાદ વરસ્યા વગર વાદળો પસાર થઈ રહ્યા હતા. તો બીજી તરફ છેલ્લા બે-ત્રણ દિવસથી ચોમાસાની મોસમ જામી હોય તે પ્રકારે વરસાદ છૂટો છવાયો પડતો હતો.બીજી તરફ ભારે વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.જે અંતર્ગત છેલ્લા બે ત્રણ દિવસથી વરસાદી માહોલ જામ્યો છે.

રાજ્યના પાટનગરમાં પણ શુક્રવારે ઉકલાટ બાદ બપોર બાદ ધોધમાર વરસાદ પડયો હતો. જેના પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. તો બીજી તરફ જિલ્લાના તમામ તાલુકામાં પણ મેઘરાજા મન મૂકીને વરસ્યા હોય તે પ્રકારે વરસાદ પડયો છે.તો દહેગામ તાલુકામાં દિવસ દરમિયાન ત્રણ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો.

વરસાદના લીધે શહેરના ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા.તો હાલમાં ચાલી રહેલી ખોદકામની પ્રવૃત્તિના પગલે ઘણી જગ્યાએ યોગ્ય પુરાણ નહીં કરવાના કારણે વરસાદી પાણી ભરાવાથી ભુવા પડી ગયા હતા. તો અવરજવર કરતા વાહનચાલકો તેમજ રાહદારીઓ પણ વરસાદમાં અટવાઈ ગયા હતા.ત્યારે આજે શનિવાર સવારથી ગાંધીનગરમાં ધીમી ધારે સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે. જો કે અમુક વિસ્તારોમાં વરસાદ તૂટક તૂટક વરસી રહ્યો છે. ત્યારે દહેગામમાં ધબધબાટી બોલાવતા વીજળીના કડાકા અને ભડાકા સાથે બે કલાકમાં બે ઈંચ વરસાદ ખાબકતા જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. આજે શનિવારે સવારે ૬ થી ૮ વાગ્યા સુધીના બે કલાકમાં બે ઈંચ વરસાદ ખાબક્યો છે.

## જેલમાં ભીષણ અથડામણથી રશિયા હચમચ્યું, ૮ કેદીઓનાં મોત, ISISના સમર્થકોએ હિંસા કરી

રશિયાની જેલમાં કેદીઓ વચ્ચે થયેલી ભીષણ અથડામણમાં આઠ લોકોના મોતથી ખળભળાટ મચી ગયો છે. મૃતકોમાં ચાર જેલ કર્મચારીઓનો પણ સામેલ છે. આ હિંસા રશિયાના વોલ્ગોગ્રાડ ક્ષેત્રમાં હાઈ સિક્યોરિટીવાળી ઁદ્ભ-૧૯ સુરોવિકિનો પીનલ કોલોનીમાં થઈ હતી.માહિતી મુજબ કેદીઓના એક જૂથે હિંસક બળવો કર્યો હતો. છરીઓથી સજ્જ આ કેદીઓ ઈસ્લામિક સ્ટેટ સાથે સંબંધિત હોવાનું કહેવાય છે. તેમણે કેટલાક કેદીઓને બંધક બનાવ્યા અને જેલના એક ભાગ પર કબજો કરી લીધો હતો. હુમલાખોરોએ દાવો કર્યો હતો કે અમે મુસ્લિમો પર



થયેલા અત્યાચારનો બદલો લેવા માટે આવું કર્યું હતું.

એક રિપોર્ટમાં દાવો કરાયો હતો કે આ અથડામણ એવા સમયે થઈ જ્યારે એક નિયમિત ડિસિપ્લિન બેઠક યોજાઈ હતી. આ બેઠકની વચ્ચે જ કેદીઓના એક સમૂહે હુમલો કરી દીધો હતો. હુમલાખોરોની ઓળખ રામજિદિન તોશેવ, રુસ્તમચોન નવરુજી, નજીરચોન તોશોવ અને તૈમૂર ખુસિનોવ તરીકે થઈ હતી. ઉઝ્બેકિસ્તાન અને તાજિકિસ્તાનના આ ચારેય લોકોએ ચપ્પાં વડે હુમલો કર્યો હતો. હુમલામાં અનેક લોકો ઈજાગ્રસ્ત થયા હતા જ્યારે અનેક લોકોને બંધક બનાવી લેવામાં આવ્યા હતા.

## યાત્રાધામ શામળાજી માં કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી ની તૈયારી ઓ કરવામાં આવી

શામળાજી નાં યુવાનો દ્વારા આખા ગામમાં આસોપાલવના તોરણ તથા ૧૦૧ મટકી ઓ બાંધવામાં આવે છે બેન્ડ સુરાવલીઓ વચ્ચે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવે છે મંદિર પરિસરમાં લાઈટીગ થી સુશોભિત કરવામાં આવ્યું છે મંદિર નાં શિખર થી નીચે સુધી થીડી લાઈટીગ સિસ્ટમ થી શામળીયા ભગવાન કૃષ્ણ ભગવાન શંકર ભગવાન ની પ્રતિમા નાં દર્શન થાય છે મંદિર નાં ગર્ભગૃહ દર વર્ષે અમદાવાદના નાં માળી પરિવાર ધ્વારા ગુલાબ મોગરો જેવાં જુદાં જુદાં સુગંધી પુષ્પો ધ્વારા ગર્ભગૃહ સુશોભિત કરવામાં આવે છે મંદિર નાં બધાં દરવાજા આગળ કેળાની કબાનો તથા આસોપાલવ નાં તોરણો મંદિર નાં પરિસરમાં તથા ચોક માં બાંધવામાં આવે છે શામળાજી નાં નવયુવાનો ધ્વારા આખા ગામમાં આસોપાલવના તોરણ તથા ૧૦૧ મટકી ઓ ઉપર ક્ષીફળ તથા અંદર દહી અબીલ ગુલાલ ભરવામાં આવે છે જન્માષ્ટમી નાં દિવસે સવારે દસ વાગ્યે બેન્ક ની સુરાવલીઓ વચ્ચે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવે છે તેમાં વિશાળ માનવ મહેરામણ ઊમટી પડે છે મંદિર ટ્રસ્ટ દ્વારા રાત્રિના સમયે મંદિર પરિસરમાં ભજન સંધ્યા નો પ્રોગ્રામ રાખેલ છે મંદિર ટ્રસ્ટ તથા શામળાજી નાં ગ્રામજનો કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી ની તૈયારી માં લાગી ગયા છે યુવાનો દ્વારા તોરણ તથા મટકી ઓ લાવીને તોયારીઓ માં લાગી ગયા છે ભગવાન નો જન્મોત્સવની ધામધૂમથી ઉજવણી કરવા માટે તન મન ધનથી કૃષ્ણ ભક્તિ મય બની ગયાં છે યુવાનો જય રણછોડ માખણચોર નાં નારા લગાવી ઉત્સાહ જોવા મળી રહ્યો છે જન્માષ્ટમી નાં તહેવાર સમયે કાયદો વ્યવસ્થાની જાળવણી માટે પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે

## ગુજરાત ના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે રેડક્રોસ હોસ્પિટલ અલંગ ની મુલાકાત લઈ સેવાઓ ને બિરદાવી

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ભાવનગર સંચાલિત રેડક્રોસ હોસ્પિટલ અલંગ ખાતે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે મુલાકાત લઈ ને સેવાઓ ને બિરદાવી હતી. અલંગ શીપ યાર્ડ ની મુલાકાતે અને શીપરિસાયકલિંગ એશો. ઓફ ઈન્ડિયા દવારા આયોજિત મુખ્યમંત્રીશ્રી ના સન્માન કાર્યક્રમ માં ઉપસ્થિત રહેલા મુખ્યમંત્રી શ્રીએ રેડક્રોસ હોસ્પિટલ ની મુલાકાત કરી ને રેડક્રોસ સંચાલિત જીએમબી-રેડક્રોસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ અને પ્લોટ ન-૯




ખાતે આવેલ રેડક્રોસ હોસ્પિટલ અલંગ ની સેવાઓ ની માહિતી મેળવી અને દર્દીઓ ને આપવા માં આવતી ગુણવત્તા સભર સેવાઓ અંગે અભિનંદન પણ પાઠવ્યા હતા. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા ડોકટર તેમજ નર્સિંગ અને એડમીન ટિમ સાથે મુલાકાત કરી ને તેમની સેવાઓ ને બિરદાવી હતી તેમજ આગામી સમય માં હોસ્પિટલમાં નવી શરૂ થનાર સેવાઓ ની વિગતે માહિતી મેળવી હતી. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી નિમુબેન બંભણીયા, પૂર્વ મંત્રી અને ધારાસભ્યશ્રી જીતુભાઈ વાધાણી, ધારાસભ્ય ગૌતમભાઈ ચૌહાણ, વાઘજીએમબી ના વીસી સીઈઓ બરનવાલ સાહેબ, વગેરે મહેમાનો અને શુભેચ્છકો જોડાયા હતા અને શુભેચ્છાઓ આપી હતી.

## તંત્રી લેખ....

# અનિલ અંબાણી પર શેરબજારમાં ૫ વર્ષ માટે પ્રતિબંધ

માર્કેટ રેગ્યુલેટર સેબીએ ફંડની ગેરરીતિના મામલામાં ઉદ્યોગપતિ અનિલ અંબાણીને શેરબજારમાંથી ૫ વર્ષ માટે પ્રતિબંધિત કર્યો છે. અંબાણી પર ૨૫ કરોડ રૂપિયાનો દંડ પણ લગાવવામાં આવ્યો છે. તેના પર કોઈપણ લિસ્ટેડ કંપનીમાં ડિરેક્ટર બનવા પર પણ પ્રતિબંધ છે.

તેમના સિવાય, રિલાયન્સ હોમ ફાઈનાન્સ (ઈૐહ્ન) ના ભૂતપૂર્વ મુખ્ય અધિકારીઓ સહિત ૨૪ અન્ય સંસ્થાઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે અને વિવિધ દંડ લાદવામાં આવ્યો છે. રિલાયન્સ હોમ ફાઈનાન્સ પર ૬ મહિના માટે પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે અને ૬ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.સેબી દ્વારા જારી કરાયેલા ૨૨૨ પાનાના અંતિમ આદેશ અનુસાર, તપાસમાં બહાર આવ્યું છે કે અનિલ અંબાણીએ ઈૐહ્ન-અધિકારીઓની મદદથી નાણાંની ઉચાપત કરી હતી. તેણે પોતે ફંડનો ઉપયોગ કર્યો, પરંતુ ફંડ લોન તરીકે આપવામાં આવ્યું હોવાનો ડોળ કર્યો.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સે આવી લોન રોકવા અને કોર્પોરેટ લોનની નિયમિત સમીક્ષા કરવા સૂચના આપી હતી, પરંતુ કંપનીના મેનેજમેન્ટે આ આદેશોની અવગણના કરી હતી.

સેબીએ જણાવ્યું હતું કે સંજોગોને જોતાં, આરએચએફએલને છેતરપિંડીમાં સામેલ વ્યક્તિઓ જેટલી જ જવાબદાર ઠેરવવી જોઈએ નહીં. અન્ય સંસ્થાઓએ ફંડ ડાયવર્ઝનમાં મદદ કરી.

અનિલ અંબાણી પર ૨૫ કરોડ રૂપિયા, અમિત બાપના પર ૨૭ કરોડ રૂપિયા, રવિન્દ્ર સુધલકર પર ૨૬ કરોડ રૂપિયા અને પિંકેશ આર શાહ પર ૨૧ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. રિલાયન્સ યુનિકોર્ન એન્ટરપ્રાઈઝિસ, રિલાયન્સ એક્સચેન્જ નેક્સ્ટ અને અન્ય કંપનીઓને ભંડોળના ગેરઉપયોગમાં સંડોવણી બદલ ૨૫-૨૫ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.

રિલાયન્સ ઈન્ફ્રાના શેર લગભગ ૧૪% ઘટ્યા, પાવર ૫% ઘટ્યો

સેબીના પ્રતિબંધ બાદ અનિલ અંબાણીની કંપનીઓ રિલાયન્સ ઈન્ફ્રા, રિલાયન્સ હોમ ફાઈનાન્સ અને રિલાયન્સ પાવરમાં ઘટાડો થઈ રહ્યો છે.

# થરાદ તાલુકાના ભૂરિયા ગામે ૧૧મુખી હનુમાન ધામ ખાતે જગત કલ્યાણ અર્થે સતત ૨૦૧મો સુંદરકાંડ પાઠ યોજાયો




થરાદ તાલુકાના ભૂરિયા ગામે ૧૧ મુખી હનુમાનજી ધામ ના મહંત ઘેવરદાસ મહારાજ દ્વારા જગત કલ્યાણ અર્થે દર શનિવારે ૧૧મુખી હનુમાન દાદા ના ધામ ખાતે કોરોના કાળથી સુંદરકાંડ પાઠ કરવાનો સંકલ્પ કરેલ તેના મણકામાં સતત ૨૦૧મા શનિવારે નાગપંચમી ના દિવસે મહંત ઘેવરદાસજી મહારાજના પાવન સાનિધ્યમાં માનસ કથાકાર શાસ્ત્રી વિક્રમભાઈ દવે ભૂરિયાવાલાના શ્રીમુખે સુંદરકાંડ પાઠ યોજાયો આ પ્રસંગે લૂણીશંકર મહારાજ ભૂરિયા, દેવાભાઇ મોદી વાઘાસણ તથા વરસતા વરસાદમાં પણ ભક્તજનો ઉપસ્થિત રહયા હતા આ સ્થાન પર ૧૧મુખી હનુમાનજી ની પથ્થરમાંથી નિર્મિત ૩૧ ફૂટ ઉંચી વિરાટ પ્રતિમા જનતા ના આકર્ષણ નુ કેન્દ્ર છે દાદા ના અગણિત પરચાઓ ભક્તજનોના મોંઢે સાંભળવા મળે છે

# થરાદના નાનોલની પ્રાથમિક શાળામાં બાળાઓ દેશી કોનુડે રમી જન્માષ્ટમીની ઉજવણી કરી

પ્રતિનિધિ : થરાદ

જન્માષ્ટમીનો તહેવાર જે ગામઠી ભાષામાં કાનુડો જે અહી બનાસકાંઠાનો પરંપરાગત તહેવાર જે મહોત્સવ ની ઉજવણી નાનોલ પ્રાથમિક શાળા માં બાળકોએ પરંપરાગત પોશાકમાં કૃષ્ણ(કાનુડા)ના લોકગીતો ઉપર રાસ ગરબા રમીને ઉત્સાહપૂર્વક ઉજવણી કરી જેના થકી બાળકોમાં ધાર્મિક મૂલ્યોનો વિકાસ થાય તેમજ તહેવારો પ્રત્યે રુચિ કેળવાય એ હેતુ સાથે નાનોલ પ્રાથમિક શાળાના આચાર્ય અણદાભાઈ પટેલ દ્વારા બાળકોને જન્માષ્ટમીના તહેવાર વિશે ધાર્મિક અને પરંપરાગત તહેવારોનું મહત્વ સમજાવ્યું હતું. જોકે શાળાના ઉત્સાહિત આચાર્ય દ્વારા બાળકોના વિકાસ માટે વારંવાર ભણતર ની સાથે સાથે અન્ય કાર્યક્રમો પણ કરવરાવવા માં આવે છે જે હમણાં જ ગયેલ રક્ષા બંધનના તહેવાર નિમિતે પણ રક્ષા બંધનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં શાળાની બાળાઓ એ શાળામાં સાથે ભણતા વિદ્યાર્થી ભાઈઓ ને રાખડી બાંધી ને મનાવ્યો હતો

# ૨૫ ઓગસ્ટથી ૮ સપ્ટેમ્બર, "ચક્ષુદાન પખવાડિયું"

આંખમાં કીકીમાં એસિડ, આલ્કલી જેવા દ્રાવણની અસરથી, કાંકરી કે ધાતુની કરચ પડવાથી પૌષ્ટિક ખોરાકનાં અભાવથી, વાગવાથી વગેરે કારણોસર આંખની કીકીમાં આવેલ પારદર્શક કોર્નિયા અપારદર્શક બને છે, ફૂલુ પડે છે. તેથી આવી વ્યકિત જોવા અસમર્થ બનતા અંધ થાય છે. આમ અપારદર્શક થયેલ કોર્નિયાની જગ્યાએ મૃતકની કાર્યક્ષમ કોર્નિયા બેસાડવાથી દ્રષ્ટિ મળે છે. ૨૫% અંધત્વ કીકીના રોગને કારણે થાય છે. ભારતમાં દર વર્ષે આશરે ૩૦,૦૦૦થી વધુ લોકો કીકીના કારણે અંધ થાય છે. તેમાંના ૬૫% તો ૧૨ વર્ષથી નીચેના બાળકો છે મૃત્યુ પછી અગ્નિ સંસ્કારથી કે દફનાવી મૂલ્યવાન નેત્રો નાશ થાય તેના કરતા દાનમાં આપવાથી અંધને દ્રષ્ટિ દાન માટે, આંખના રોગના નિદાન, ઉપચાર, સંશોધન, દવા વગેરે માટે ઉપયોગમાં આવી શકે છે. મોટાભાગનાં લોકોને આઘાતને લીધે પોતાનાં મૃત સ્વજનનું ચક્ષુદાન કરાવવાનું યાદ આવતું નથી. ઘરમાં, પોળમાં, પાડોશમાં, સોસાયટીમાં સ્વજનને કે સ્નેહીજનને ત્યાં કોઈ મૃત્યુ પ્રસંગે આપ ઉપસ્થિત હોવ તો કટુંબીજનોને આશ્વાસનની સાથે ચક્ષુદાન માટે પ્રેરણા આપી ચક્ષુદાન અપાવવા પ્રયાસ કરી શકાય. ચક્ષુદાન કરવાથી બે અંધ વ્યક્તિને દ્રષ્ટિ મળે છે. આપણી આસપાસ જ લાખો લોકો અંધ છે. જે સ્વર્ગસ્થના ચક્ષુદાન થકી દેખતા થઈ શકે છે.

ચક્ષુદાન કરવાથી મૃત વ્યક્તિનાં શરીરને કોઈ હાની થતી નથી કે મૃત વ્યક્તિનાં ચહેરા પર પણ કોઇ ફેરફાર દેખાતો નથી. ચક્ષુદાન કરવું એ દરેક ધર્મ માટે એક પુણ્યનું કામ છે. ચક્ષુદાન કરવા માટે કોઈ જાતનો ખર્ચ ભોગવવાનો રહેતો નથી. ચક્ષુદાન મૃત્યુ બાદ, બને તેટલું વહેલું, વધુમાં વધુ ૬ કલાક સુધીનાં સમયમાં થઈ શકે છે. જો એકિસડન્ટ કે એમ.એલ.સી. કેસ હોય તો પોસ્ટમોર્ટમ રૂમમાં, ગમે ત્યાં થઈ શકે છે. ચક્ષુદાન કરવા માટે ફકત એક ફોન કરવાનો રહે છે ત્યારબાદ ટીમ આવીને ચક્ષુદાન લઈ જશે, ચક્ષુદાનનું સંકલ્પ પત્ર ન ભર્યુ હોય તો પણ ચક્ષુદાન થઈ શકે છે. મૃતદેહ હોય તે રૂમમાં પંખો ચાલુ ન રાખવો. મૃત્યુ પછી પોપચાં ખુલ્લા રહયાં હોય તો ધીમેથી બંધ કરવા, અબીલ-ગુલાલ કંકુ છાંટવું નહી, આંખની કીકીની ખરાબીને કારણે અંધત્વ ભોગવતા લોકો દ્રષ્ટિ મેળવવા આંખની હોસ્પિટલનો સંપર્ક કરી શકે.





ચક્ષુદાન પ્રવૃતિને વેગ મળે તે માટે શહેરના સામાજીક આગેવાનો, સંતો-મહંતો, ધર્મગુરૂઓ, સેવા-સંસ્થાઓ, જ્ઞાતિ મંડળો, સેવાભાવી સ્વજનો તેમજ માનવતાપ્રેમી શહેરીજનો પોતાનાં પરિવારજનો કે સ્વજનોનાં અવસાન વેળાએ બળીને રાખ થઈ જતી આખોનું ચક્ષુદાન કરવાનો સંકલ્પ કરે તે સમયની માંગ છે.

મોંઘો મળ્યો મનુષ્ય દેહ ફરી ફરીને મળે નહિ વારંવાર, હે ભાઈ તું કરી દેને ચક્ષુદાન. ઈશ્વરે સુંદર જીવન આપ્યું છે ત્યાં સુધી ભોગવીએ છીએ, પરંતુ મૃત્યુ પછી પણ જો જીવતા રહેવું હોયપ? શરીરનાં જે અંગ મૃત્યુ પછી બળીને ભસ્મ થઈ જાય છે. તે અંગ બીજાને કામ આવે તો ?

યુવાનીમાં રકતદાન, મૃત્યુબાદ ચક્ષુદાન—દેહદાન, બ્રેઈન ડેડ હોય તો અંગદાન.

# ઓડૂ ૧૦,૦૦૦+ પ્રતિભાગીઓ સાથે માઇલસ્ટોન હાંસલ કરે છે, ભાવિ નવીનતાઓનું અનાવરણ કરે છે




**મુખ્ય ઉપાયો:**

- રેકોર્ડબ્રેકિંગ ૧૦,૦૦૦+ પ્રતિભાગીઓ અને ૩૫,૦૦૦ નોંધણીઓ
- સરકારી પ્રોજેક્ટ્સ અને પ્રખ્યાત સંસ્થાઓ સહિત ૧૫૦+ પ્રેરણાદાયી સત્રો
- ડેલોઇટે પ્રદર્શક અને વક્તા તરીકે ભાગ લીધો હતો
- આંતરરાષ્ટ્રીય ગ્રાહકો અને નિષ્ણાતો જોડાયેલા અને જ્ઞાન વહેંચે છે
- ઓડુએ આવનારી સુવિધાઓ અને ભાવિ નવીનતાઓનું પ્રદર્શન કર્યું

આ વિસ્તૃત સંસ્કરણ ઇવેન્ટ, ઓડુની સિદ્ધિઓ અને તેની ભાવિ દિશા વિશે વધુ સંદર્ભ અને વિગતો પ્રદાન કરતી વખતે મુખ્ય સંદેશને જાળવી રાખે છે.

**રેકોર્ડ-બ્રેકિંગ નોંધણીઓ, પ્રેરણાદાયી સત્રો અને નિષ્ણાત આંતરદ્રષ્ટિ ઓડૂની નવીનતમ સફળતાને ચિહ્નિત કરે છે**

ગાંધીનગર, ઓડુ, અગ્રણી ઓપન-સોર્સ બિઝનેસ મેનેજમેન્ટ સોફ્ટવેર, તેની તાજેતરની ઇવેન્ટમાં ૧૦,૦૦૦ થી વધુ હાજરી અને ૩૫,૦૦૦ નોંધણીઓ સાથે નોંધપાત્ર માઇલસ્ટોન હાંસલ કરે છે. આ રેકોર્ડ બ્રેકિંગ મતદાન ઓડુના વધતા પ્રભાવ અને ઉદ્યોગમાં નવીનતા પ્રત્યે પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે.

કોન્ફરન્સમાં ૧૫૦+ પ્રેરણાદાયી સત્રોનો પ્રભાવશાળી લાઇનઅપ દર્શાવવામાં આવ્યો હતો, જેમાં સફળ સરકારી પ્રોજેક્ટ્સ, ઈશા ફાઉન્ડેશન અને સોમનાથ ટ્રસ્ટનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ સત્રોએ વિવિધ ક્ષેત્રોમાં ઓડૂની વૈવિધ્યતા અને પ્રભાવને પ્રકાશિત કર્યો. પ્રખ્યાત સર્જકો અને વક્તાઓએ સ્ટેજ લીધો, તેમની કુશળતા અને અનુભવો શેર કર્યા, ઉપસ્થિતોને મૂલ્યવાન આંતરદ્રષ્ટિ અને વ્યવહારુ જ્ઞાન પ્રદાન કર્યું.

ડેલોઇટ, એક વિશ્વાસપાત્ર ઉદ્યોગ અગ્રણી, પ્રદર્શક અને વક્તા બંને તરીકે ભાગ લીધો, અને ઇવેન્ટની ચર્ચાઓમાં ઊંડાણ ઉમેર્યું. તેમની સંડોવણી ટોચ-સ્તરના ભાગીદારો અને સહયોગીઓને આકર્ષવાની ઓડૂની ક્ષમતા દર્શાવે છે. આ ઈવેન્ટ આંતરરાષ્ટ્રીય ગ્રાહકો અને નિષ્ણાતોને પણ એકસાથે લાવી, જ્ઞાનની વહેંચણી, નેટવર્કિંગ અને સહયોગ માટેની અનન્ય તકને પ્રોત્સાહન આપે છે.

ઓડ એ આવનારી સુવિધાઓનું પ્રદર્શન કર્યું, જેમાં ઉપસ્થિતોને બિઝનેસ મેનેજમેન્ટના ભવિષ્યની ઝલક આપી. નવીનતા અને ગ્રાહક સંતોષ માટે તેની પ્રતિબદ્ધતા સાથે,ઓર્ડ ઉદ્યોગના લેન્ડસ્કેપને આકાર આપવાનું ચાલુ રાખે છે. ઓપન-સોર્સ સિદ્ધાંતો પ્રત્યે કંપનીનું સમર્પણ એ સુનિશ્ચિત કરે છે કે તમામ કદના વ્યવસાયો તેના અત્યાધુનિક ઉકેલોનો લાભ લઈ શકે છે. ભવિષ્ય તરફ જુએ છે, તે નવી ઊંચાઈઓ સુધી પહોંચવા માટે વ્યવસાયોને સશક્ત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તેના સતત વિકસતા પ્લેટફોર્મ સાથે, ઓડુ ઉભરતા પડકારો અને તકોને સંબોધવા માટે તૈયાર છે.ઓડુ ના નવીનતમ વિકાસ અને નવીનતાઓ વિશે વધુ અપડેટ્સ માટે ટ્યુન રહો, અને તેના ઉકેલો તમારા વ્યવસાયને કેવી રીતે પરિવર્તિત કરી શકે છે તે શોધો.

# સૂરધારા જેવી સોસાયટીઓ આફતને અવસરમાં ફેરવો શટલિયા હોડી ચાલુ કરો

વરસો પહેલાં અમદાવાદ પોળ, ખડકી, ડેલી ડેલુ( આવી અટક પણ છે બોલો! આવી અટકવાળા એક આઈપીએસ અધિકારી છે. જેમણે જીવનમાં સંઘર્ષ કરીને યુપીએસસી ક્રેક કરી છે. ક્રેક અને કેક યંગસ્ટરોના શબ્દ છે. ક્રેક એટલે પરીક્ષા પાસ કરવી!! ક્રેકના મુકાબલે કેવો ફિકકોફસ શબ્દ છે!!) પોળોમાં વસતુ હતું.હવે અમદાવાદ એપાર્ટમ્ન્ટ, બંગલા, ફલેટ,ઓફ કોર્સ ઝૂપડપટીમાં રહે છે!!

અમદાવાદનાં એક સૂરધારા રેસિડેન્સી નામની સોસાયટી છે.( સોસાયટીનું નામ બદલેલ નથી. જો કોઇ માનહાનિનો દાવો કરે તો તેવા કિસ્સામાં સોસાયટીનું નામ કાલ્પનિક છે. ઓકે? ) અમદાવાદમાં અનેક સોસાયટી છે. લોકલ ઓથારિટીને અમુક વિસ્તારો તરફ વિશેષ પક્ષપાત છે. આ એક હકીકત છે. પૂર્વના સીટીએમ વિસ્તાર વગેરેમાં અભૂતપૂર્વ વિકાસનું આયોજન અને અમલીકરણ થયેલ છે. તમે નારોલ , વટવા, નરોડા વિસ્તારમાં રહેતા હો તો ઉનાળામાં તમને પાણીના નામે મૃગજળ ન મળે. કેમ કે, તમામ પ્રકારનું જળ એ જીવન છે. ભલે એ મૃગજળ કેમ ન હોય? રોડ પર મૃગજળનું પુર આવે તે કેમ ચલાવી લેવાય! ઈજ્જત કે ફાલુદાકા સવાલ હૈ!!

આ વિસ્તારોના બિલ્ડર પણ વિકાસને વરેલા . આહ આહ વાહ શું એમની વિકાસની ઉદાત ભાવના . બિલ્ડરો ફલેટ, ટેનામેન્ટ કે બંગલામાં તમે જે પલંગમાં ઊંઘવાના છો અને જયાં માથું રહેવાનું છે ત્યાં ધાબા પર બરાબર તમે સૂતા સૂતા પાણી પી શકો તેવી ન ભૂતો ન ભવિષ્યતિ વ્યવસ્થા નિર્માણ કરે છે. તે પણ મફત! બાકી બિલ્ડરો વાઢી આંગળી પર . જવા દો એ વાત. નહીંતર વિવેચકો, આલોચકો, ટીકાકાર અમે ચીપ લેખક છીએ તેમ ઈંગિતપણે વાંક કાઢશે!!તમારા પૂજા રૂમમાં તમે જયાં બેસીને આરાધ્ય દેવની પૂજા કરવાના હોય ત્યાં મહાદેવના મંદિરમાં શિવલિંગ પર ટીપે ટીપે જલાભિષેક થાયને માટે તાંબા કે સોનાની નીચે છિદ્રવાળી જારી લટકાવી હોય તેમ તમારી પર જલાભિષેક થાય તેવી સ્પેશિયલ ટ્રીટમેન્ટ આપે. અલબત ,નળ ખોલીએ તો નળમાંથી પાણીનું ટીપું પણ ન આવે એ વાત અલગ છે!! પશ્ચિમ વિસ્તારની સોસાયટી, ફલેટ, રો હાઉસમાં આવી સ્પિશિયલ વીઆઈએફ ઈફેકટ ઉપલબ્ધ હોતી નથી.પૂર્વ વિસ્તારના રહેણાક મકાનોમાં ભૂગર્ભજળના તળ અસાધારણ રીતે ઊંચા આવે છે કે ઘરવખરી તરવા માંડે છે. તરતો સોફા, તરતું વોશિંગ મશીન તરતું ડાઈનિંગ ટેબલ બોસ દુનિયાના કોઇ શહેરમાં નહી મળે તેવો મહાનગરપાલિકાનો દાવો છે! ઈવન ચાઈટેનિકમાં પણ આવી ફેન્સી ફેલો લિટી ન હતી.!!ઘણી વાર તો ઘરવાળી પાણીમાં ગરમ રોટલી , શાક, દાળભાત રસોડામાંથી તરતા મુકે એટલે પતિએ ડાઈનિંગ રૂમમાં રોટલી તરતી આવે એટલે લઇ લેવાની. ભાઈ ભગવાન મેઘલી રાતે કરંડિયામાં પોઢીને યમુના નદી પાર કરીને મથુરાથી ગોકુળ આવેલા. પાછું આ ઘરેલું વ્યવસ્થા હોય અને પેકેજડ રોટલી ન હોય એટલે મૂઓ જીએસટી ન લાગે.એટલે પાંચ આંગળી ઘીમાં ,સોરી પાંચે આંગળી પાણીમાં!!

વરસાદ આવ્યા પછી સોસાયટીમાંથી કેડ સમાણું પાણી ઓછું ન થાય એટલે બુમાબુમ કરી નાંખે. ભાઇ પાસા ખર્ચીને મોટા ઉપાડે કેરળના એલેપ્પીમાં એક દિવસ-રાત બેકવોટરમાં રહેવા જાઓ છે કે નહીં?? તમે કાશ્મીરના દાલ સરોવરમાં શિકારામાં રહો છો કે નહીં? ત્યાં ખરીદી માટે બાઇકનો ઉપયોગ કરો છો? વાત કરો છો લખનૌના નવાબ જેવી.હેસિયત નથી બિલ્લું બાર્બર જેવી!!!

તમે સ્કૂલમાં ભણતા હો ત્યારે ચિત્ર બનાવ્યું હશે. તમે કાગળમાં નીચે નદી ચિતરી હશે, ઉપર બે પહાડ વચ્ચેથી સૂરજ દોર્યો હશે અને પતંગિયા સાઈઝના પક્ષીઓ દોર્યા હશે! આમ પાણી તો જીવનમાં વણાયેલ છે!!

સોસાયટીમાં પાણી ભરેલ હોય તો વોટર સ્પોર્ટસ પર હાથપગ ફેલાવો!! ઈટાલીનું વેનિસ શહેર પાણીમાં વસેલું છે. ત્યાં ટ્રાફિક દાયજામાં, રાત્રીના સમયે બાઈક સ્ટંટ, પૈસાદાર નબીરો નોંધી કાર ફૂટપાથ પર ચડાવી બેચાર આત્માઓને દેહોત્સર્ગ કરાવે, ટ્રાફિક લાઈટ જમ્પ કરે તેવી ઘટના બનતી નથી!!

અમદાવાદમાંા શટલ રીક્ષા, કાર, પ્લેન ફરે છે! સૂરધારા જેવી સોસાયટી અને અનેક સોસાયટી વચ્ચે શટલિયા હોડી ચાલું કરી શકાય.સૂરધારાથી પ્રમુખ એવન્યુ, ત્યાંથીદેવાલય, ત્યારથી શિવાલિક રેસિડેન્સી શટલિયા હોડી ચલાવી શકાય.

જોઇ શું રહ્યા છો?સૂરધારા સોસાયટીવાળાઓ શટલિયા હોડી ચલાવવા તૈયાર થઇ જાવ!!!

ભરત વૈષ્ણવ

# મહેસાણા અર્બન કો-ઓપરેટીવ બેંક દ્વારા ચાર કરોડ ૯૦ લાખનું લોન કૌભાંડ

**કોઈપણ જાતના મોર્ગેજ પેપર લીધા સિવાય કરોડોની લોન પાસ કરી દેવામાં આવી.**

**મળતીયાઓ દ્વારા લોન પાસ થયા પહેલા સહી વગરના ચેક થી રૂપિયા સગેવગે કરાયા.**

સંયુક્ત નૈતિક માનવ અધિકાર સમિતિએ નવી દિલ્હી ખાતે રજીસ્ટર થયેલ સંસ્થા છે. અને માનવ અધિકારના રક્ષણ માટે કાર્યરત છે આ સંસ્થા પાસે વિજયભાઈ ગોરનભાઈ નાવડીયા ની ન્યાય માટે અરજી આવેલ છે અને તેઓએ તેમની સાથે થયેલ અન્યાય બાબતે પુરાવા આપેલ છે આજની આ પ્રેસ વાર્તામાં વિજયભાઈ ગોવર્ધનભાઈ નાવડીયા પોતાની આપવીતિ રજૂ કરતા પત્રકારોને જણાયા. ફરિયાદ કરતા સુરતના રહેવાસી છે અને મહેસાણા અર્બન કો-ઓપરેટીવ બેંકના મળતી આવો દ્વારા ખોટી રીતે ચાર કરોડ ૯૦ લાખની લોન પાસ કરીને તેમની જાણ બહાર તેને ફરિયાદીની સહી વિના અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરીને ફ્રોડ કરવામાં આવ્યું છે તેવું પ્રેસમાં જણાવ્યું. અને તે બાબતે પોલીસ ફરિયાદ અને અન્ય જવાબદાર જગ્યા ઉપર રજૂઆત કરતા પણ આરોપીઓને હજુ સુધી પકડવામાં આવ્યા નથી અને આ કૌભાંડની તારીખો એ નીચે મુજબ રજૂ કરવામાં આવે છે.

૬/૫/૨૦૨૪ વિજયભાઈ ગોરધનભાઈ નાવડીયા દ્વારા મહેસાણા અર્બન બેંકની વરાછા સુરત બ્રાન્ચમાં ?૪ કરોડ ૯૦ લાખ રૂપિયાની લોન માટે અરજી કરવામાં આવી હતી. ૧૩/૫/૨૦૨૪ પ્રોપર્ટી વિઝીટ કર્યા પહેલા લોન એકાઉન્ટમાંથી બે કરોડ ૩૦ લાખ રૂપિયા ટ્રાન્સફર કરી લેવામાં આવ્યા હતા. ૧૪/૫/૨૦૨૪ પ્રોપર્ટી વિઝીટ કર્યા પહેલા લોક એકાઉન્ટ માંથી બે કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા. ૧૫/૫/૨૦૨૪ પ્રોપર્ટી વિઝીટ કર્યા પહેલા લોન એકાઉન્ટમાંથી ૫૮ લાખ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા. ૧૫/૫/૨૦૨૪ વરાછા સુરત બ્રાન્ચમાંથી દલાલ સાહેબ દ્વારા પ્રોપર્ટી જોવા માટે વિઝીટ કરવામાં આવી અને સેન્શન લેટર પર કોઈપણ જાતના રિપોર્ટ બનાવ્યા વિના બંને પ્રોપર્ટીના માલિકોની સહી લઈ લેવામાં આવી.(દિનેશભાઈ ગોરધનભાઈ નાવડીયા અને વિજયભાઈ ગોરધનભાઈ નાવડીયા) ૧/૬/૨૦૨૪ લોનધારકને બેંક દ્વારા ?૨,૮૧,૯૩૮ રૂપિયાનો વ્યાજ ચૂકવવાનો મેસેજ મોકલવામાં આવ્યો બેંક દ્વારા કોઈપણ ક્રેડિટ કે ડેબિટ ના પહેલા કોઈ મેસેજ મોબાઈલમાં આવતા નહોતા અને હજી પણ આવતા નથી. તે જ દિવસે વરાછા બ્રાન્ચ પર ફરિયાદીએ જાણ કરતાં કહેવામાં આવ્યું કે આ બાબતે હેડ ઓફિસ નો સંપર્ક કરવો. ૧૨/૬/૨૦૨૪ ફરિયાદી હેડ ઓફિસ મહેસાણા પહોંચીને સમગ્ર ફ્રોડની રજૂઆત કરી અને પોતાના ખાતાની ચેકબુકની માગણી કરતા ૪૫ ચેક ના બદલે એક બે અને ત્રણ નંબરના ચેક વપરાયેલી ચેકબુક આપવામાં આવી. ફરિયાદીએ પોતાની સહી વિનાના ચેક પરથી ઉપડેલા બેંકના ક્લિયરિંગ સિક્કા વાળા ચેક ના ફોટા લઈ લેવામાં આવ્યા. ૧૬/૬/૨૦૨૪ ફરિયાદી દ્વારા બેંકને ફરિયાદ કરતો મેલ કરવામાં આવ્યો અને ત્યારબાદ અલગ અલગ તારીખે સતત ૨૦ મેલ કરવા છતાં બેંક દ્વારા કોઈપણ જવાબ આપવામાં આવ્યો નહીં. ૧૭/૬/૨૦૨૪ આરોપી નૈમેશ હરિભાઈ પટેલ, મોઢેરા વાળા કે જે ઉપરોક્ત બેંકમાં ભૂતપૂર્વ અધિકારી હતા તેઓ બેંકમાંથી ખોટી રીતે પાસ થયેલા ચેક લઈને ફરિયાદી પાસે સહી કરવાનો દબાણ કરવા માટે આવ્યા. ૨૦/૬/૨૦૨૪ આરોપી સંજય બાબુભાઈ પટેલ વડાવલી વાળા દ્વારા દબાણ પૂર્વક બેંકના સહી વિના ક્લિયરિંગ થયેલા ચેકો પર ફરિયાદીની સહી કરવામાં આવી. ૯/૭/૨૦૨૪ વરાછા સુરત ખાતે સમગ્ર બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રીઓ સહિત બેંકના મળતી આવો સામે પોલીસ ફરિયાદ કરવામાં આવી. ૨૬/૭/૨૦૨૪ આરોપીઓ સામે વરાછા પોલીસે સમન્સ કાઢ્યો. ૧૩/૮/૨૦૨૪ આરોપીઓ દ્વારા ખોટી રીતે પાસ થયેલ લોન ભરપાઈ કરી દેવામાં આવી એટલે કે આરોપીઓએ આ ફરિયાદીઓના ખાતામાં ઉપાડેલા નાણા જમા કરી દીધા. ૧૭/૮/૨૦૨૪ વરાછા પોલીસ દ્વારા એમ કહીને અત્યારે કરવામાં આવી કે આ બનાવ અમારી હદમાં થયેલ નથી.

સંયુક્ત નૈતિક માનવ અધિકાર સમિતિ સરકાર સમક્ષ માગણી કરે છે કે ઉપરોક્ત મહેસાણા અર્બન કો ઓપરેટિવ બેન્કના કોઈપણ જાતના મોર્ગેજ કર્યા વિના કરોડો રૂપિયાની લોન આપી દેવાના કૌભાંડ અને સાથે ચેકબુકમાં સહી કર્યા વિના બારોબાર ચેકો ખાતેદારની જાણ બહાર વહેવારો કરી નાખવાની ઘટના તે ખૂબ જ ગંભીર બાબત છે અને આ બાબતે કોઈ મોટા હવાલા કૌભાંડની પણ ગંધ આવી રહી છે તો આટલું મોટું કૌભાંડ બેંકના પદાધિકારીઓની સંડોવણી વિના શક્ય જ ના બને તેવી લાગણી ફરિયાદીની હોવાથી સીબીઆઇ તપાસ કરાવીને બેંકના ખાતેદારોના મહામુલા રૂપિયા નો વ્યય અટકે તે માટે પ્રયત્ન કરવો જોઈએ. ઉપરોક્ત બાબતો આજે પત્રકારોને પ્રેસ વાર્તામાં આ અધિકાર સમિતિના ચેરમેન નિલેશ જોષી અને સલાહકાર હેમંગ રાવલ દ્વારા જણાવવામાં આવી હતી. આ પ્રેસમાં ફરિયાદીઓ પણ હાજર હતા અને તેમણે પણ પત્રકારો સમક્ષ ઘણા પ્રશ્નોના જવાબો આપીને ખુલાસાઓ પુરાવા સહિત કર્યા હતા જેની તારીખો ઉપર મુજબ છે.(janfariyafnews youtube channel news)

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




### NOG SSN 0089

વિષય : કૃષ્ણ મય
શીર્ષક : મારે આંગણ કાનો
પ્રકાર : પદ્ય.....પ્રવિણા કડકિઆ

———-

આજ સખી મારા આંગણિયામાં ખેલે નંદકુમાર જો
-તોરણ બાંધ્યા દીવડાં પેટાવ્યા અંતરે ઉજાસ જો
-નંદકુંવરને પાયે રુમઝુમ ઝાંઝરનો રણકાર જો
-મોરમુકુટ માથે ને સોહે મોરપીંછ સંગ જો
—કાળી કામળી હાથમાં લાકડી ગાયો ચારવા જાય.........જો
—ગોપબાળોની સંગે નટવર નટખટ સોહાય જો
-મહીડા માખણ ચોરી લાવો બેઉ હાથે મંડાણો દો
-મધુરી મીઠી વાંસલડીના સૂરમાં ભાન ભૂલી જો
-ગોપીઓ સંગે રાસલીલા માં વર્જની રેણુ હરખે જો
-જુગલ જોડીનાં દર્શન કરતા હૈયે હરખ ન માય જો
-હું તમારી તમે છો મારા જીવનો થયો ઉદ્ધાર જો
-આવ્યાં ત્યારે ભલે પધાર્યા અંતરે કરજો વાસ જો
—કાનો આવ્યો

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS NO 140

વિષયઃ કૃષ્ણમય
શીર્ષકઃ જગ ઘૂમિયા થારે જૈસો ના કોઈ
પ્રકારઃ પદ્ય અછાંદસ શબ્દોઃ ૯૩

શામળિયા! મેં બાવરીએ તને ક્યાં ક્યાં શોધ્યો ?
ગોકુળ વૃંદાવનની ગલીઓમાં ઘુમી વળી
ક્યાંક જડી ગોરસની મટકી કયાંક જોઈ ગાયો ભાંભરતી.
સૂનો છે કાલિન્દીનો કિનારો ને એકલવાયી કદમ્બની ડાળીઓ
મથુરા ને દ્વારિકાના મહેલો ખુંદી વળી.
મોરપીંછ વિહોણો મુગટ મળ્યો તો ક્યાંક જોઈ પાયલ રૂકમિણીની
પણ તુ ક્યાં ?
રઝળી રખડીને થાકી મારા વહાલા ! પગમાં પડ્યાં છે છાલાં.
લગીર મીંચાઈ મારી આંખ ત્યાં સાંભળ્યો મધુરી મોરલીનો નાદ.
સફાળી ઉઠી તો કમખેથી ખર્યું મોરપીંછ..
આ રહ્યો..આ રહ્યો મારા અંતરમાં વસેલો...ઘેલી કેવી કે હૈયે સમાયેલાને
શોધવા ભટકી હું નગર વન વન !

હેમા પિનાકીન ત્રિવેદી ..કૃષ્ણ પ્રિયા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### N O G S S: No 168

વિષયઃ કૃષ્ણ મય
શીર્ષકઃ ....સતયુગ નો પ્રિન્સ
પ્રકારઃ ગદ્ય. શબ્દઃ૩૫૦

...... સતયુગ નો પ્રિન્સ

શ્રીકૃષ્ણ એટલે સતયુગ નો અવતાર, સતયુગ નો અવતાર એટલે રાજઘરાના ઘરના પ્રિન્સ... અને યુગે યુગે પરિવર્તન નામ ધારણ કરનાર શ્રી કૃષ્ણ જ બ્રહ્મા, રાધે ક્રિષ્ના, લક્ષ્મી નારાયણ સ્વરૂપ નામ ધારણ કરે છે. પરમ પિતા પરમાત્મા શિવની રચના છે. અને આ સૃષ્ટિમાં ધરતી ઉપર કર્મ અનુસાર પ્રકૃતિ જન્મ આપે છે. સમયે યુગ કાળે આ સૃષ્ટિ ઉપર શ્રીકૃષ્ણ ઉપર ઘણા બધા આરોપ લગાવવામાં આવ્યા છે. જે અજ્ઞાનતતા થી ભરપૂર છે. ઈશ્વર કહે છે કે ભક્તિ માર્ગ અંધકાર છે અને જ્ઞાનમાર્ગ પ્રકાશથી ભરપૂર છે. જ્યારે મનુષ્યમાં જ્ઞાનનો પ્રકાશ ઉદ્ભવે છે ત્યારે મનુષ્ય અંધકારમાંથી નીકળી પ્રકાશમાં આવી પ્રકાશિત બને છે. અને સાચું જ્ઞાન પ્રાપ્ત કરે છે.. કે કોણ ઈશ્વર..? કોણ દેવી દેવતા..? આ ધરતી પર બિરાજમાન છે...!!?? જ્ઞાનથી મનુષ્ય દેવી-દેવતાની અને ઈશ્વરની બાયોલોજી શું છે તે સમજી જાણે છે.

શ્રીકૃષ્ણ કોઈ ભગવાન નથી પરંતુ તેઓ કમળ સમાન પવિત્ર છે. એમનું જીવન લોકો માટે પ્રેરણા સ્ત્રોત છે. એમની લીલા અપરંપાર છે. તેઓ સદા કાળ માટે બાળ સ્વરૂપ બિરાજમાન છે. મનમોહક છબી હૃદયમાં સ્થાન મેળવનાર પુરવાર થયા છે. શ્રીકૃષ્ણ... આજે એમની ચાહકોની સંખ્યા ઓછી નથી દિવસે દિવસે પ્રતિદિન વધતી જાય છે. જય શ્રી કૃષ્ણ, રાધે કૃષ્ણ, હરે કૃષ્ણ એવા શબ્દોથી 'એમને યાદ કરવામાં આવે છે.' આજના યુગમાં નારી માટે શ્રીકૃષ્ણ પૂજનીય છે. તેઓ ભક્તો ગણ માટેમા આકર્ષણના બિંદુ છે.પરમ પિતા પરમાત્મા શિવની દ્રષ્ટિમાં તેઓ સતયુગના પ્રથમ પ્રિન્સ છે. યુગે યુગે સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ, કળયુગ, પુરુષોત્તમ સંગમયુગ પછી તેઓ સમય સમય ધરતી પર માનવ કલ્યાણ અર્થે અવતરિત થતા હોય છે. સંપૂર્ણ પવિત્ર સોળે કળાએ ખીલેલ આત્મા હોય પરમ પિતા પરમાત્માએ તેમને પ્રથમ સ્થાન આપી સતયુગ ના પ્રિન્સ તરીકે આ જગત માટે પ્રેરણાસ્રોત વ્યક્તિ તરીકે સન્માનિત કરી માન આપ્યું છે . હાલના સમયમાં કહેવામાં આવે છે કે શ્રીકૃષ્ણ ધરતી ઉપર અવતરિત થઈ ગયા છે કારણ હવે કળિયુગ નો અંત આવી રહ્યો છે પાપા ચારનો અંત આવી રહ્યો છે.

કારણ પરમ પિતા પરમાત્મા શિવ નિરાકાર છે જ્યોતિ બિંદુ સ્વરૂપ અને અમો આત્મા દેહધારી એમના વંશિશ બિંદુ સ્વરૂપ છીએ. ભગવાન શિવનું દેહ ન હોવાના કારણે તેઓ પાંચ વિકાર રહિત પવિત્ર શરીર ધારીનાં તન માં પ્રવેશ કરી આવા શ્રીકૃષ્ણને જન્મ આપી સતયુગ ની સ્થાપના યુગે યુગે કરતા રહે છે.

યદા યદા ધર્મસ્ય ગ્લાનિઃ ભવતિ ભારત

ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ' (ઉદયપુર)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOGSS NO 209

વિષય-કૃષ્ણમય શિર્ષક-તારા વિના કોણ લે સંભાળ. પ્રકાર : પદ્ય શબ્દો : ૧૦૫

કાના તારા વિના કોણ લે સંભાળ?થઈ તારી વિદાય
થયા બેહાલ ભારતમાતાનાં,તારા વિના કોણ લે સંભાળ.
છે હાહાકાર;અંધકાર ચહુઓર,જનજન સૌ હતાં કૃષ્ણમય,
નહતી ફિકર,હતો ભરોસો તારો,સુરક્ષા નથી અમારી
તારાવિના કોણ લે સંભાળ.
આવ્યો જન્મદિવસ તારો,આજ અમે માંગીએ એક વચન જલ્દી લે જન્મ ભારતભૂમી પર,
કર સુરક્ષિત તારા ભક્તોને,તારા વિના કોણ લે સંભાળ
★સ્વધા★ કરે વિનંતિ પૂરૂ કર વચન જે તે ગીતામાં તે આપ્યુ મુરારી,
સતયુગમાં તો હતો એક મુરાર,કળિયુગમાં તો સર્વત્ર છે મુરાર,કર સંહાર,
તારા વિના કોણ લે સંભાળ.
સુધા જે.પુરોહિત ★સ્વધા★ હોનોલુલુ અમેરિકા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS No:351

વિષયઃ કૃષ્ણમય
શબ્દઃ૧૩૨. શીર્ષકઃ કૃષ્ણમય વિરહ

શ્યામ તું રહસ્યથી ભરપૂર લાગે છે
વિરહની યાદોમા શ્વાસ શ્વાસ માહલે છે
વેદના ના વૈકુંઠ માં તારા શ્વાસ રાચે છે
રાધાજી નો તુ, તોય તુ મારો લાગે છે

મનમોહન મુખડું તારું જગારા મારે છે
મારા રુદિયામાં હર પલ પ્રેમ જગાડે છે
મધુર મધુર તારી મુસ્કાન મને મોહક લાગે છે
રાધાજીનો તુ, તોય તુ મારો લાગે છે

શ્યામ તારું રૂપ વિરહના વાદળા સમાન લાગે છે
કાલિન્દીની કાંઠે ઝરમર વાદલડી મા મારો પ્રેમ તરંગે છે
મોર બપૈયા મારા રુદિયામાં વિરહ જગાડે છે
રાધાજીનો તુ, તોય તુ મારો લાગે છે

'રસો વૈ સ :' તું પરબ્રહ્મ શ્રીકૃષ્ણ એકલો રાચે છે
વિરહની વેદના ઝરૂપામા હું જીવું છું
તું "શ્રીકૃષ્ણમ વંદે જગતગુરુમ્ "કહેવાનો તોય વિરહમા જીવે છે
રાધાજી નો તુ, તોય મારો લાગે છે
જયશ્રી વાઘેલા (મુંબઇ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS No.201

વિષયઃ કૃષ્ણમય
શીર્ષકઃ સાચે કૃષ્ણ યાદ કરાય છે?
પ્રકાર : પદ્ય શબ્દો : ૬૮
શ્રાવણમાં અનોખાં તહેવારો ઉજવાય છે,
અષ્ટમીએ કાનાનો જન્મદિવસ ઉજવાય છે.
પ્રકૃતિમાં જીવ-જંતુઓનાં જતન ને સંવર્ધન,
સંરક્ષણ ભાવનાથી પરંપરાઓ મનાવાય છે.
રાંધણછઠ અને શીતળા સાતમની ઉજવણી,
પરંપરાનાં નામે ઉત્સવો ઉમંગથી ઉજવાય છે.
ક્યાંક દેખાદેખી તો કયાંક જુગાર ખેલાય છે,
આઠમનાં ત્યૌહારે સાચે કૃષ્ણ યાદ કરાય છે?
આઠમની ઉજવણીમાં જરાક કર્યું મેં ડોકિયું,
ભૌતિકતવાદનો ભપકો જ સર્વત્ર ડોકાય છે.
કૃષ્ણજન્મનો ત્યૌહાર ધામધૂમથી ઉજવાય છે,
શું કૃષ્ણનાં ઉપદેશોને સાચે અમલમાં મૂકાય છે!

? પૂર્વી સુનીલ પટેલ. "ઈશાની"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### : *NOG SS NO: 0185*

★વિષય : કૃષ્ણમય (કૃષ્ણલીલા)★
★શીર્ષક : ★કૃષ્ણ સંદેશ★
★પ્રકાર : પદ્ય (કાવ્ય)★ ★શબ્દો : ૧૧૫★

કરી કૃષ્ણલીલા વૃંદાવને સહજ ભાવે, રમ્યા રાસ ગોપી સંગ,
વ્યક્ત શબ્દના અમૂલ્ય બંધનને રચ્યું, રચ્યો પ્રેમ રાધાને સંગ,

અસુરોનું નિકંદન કાઢ્યું શ્રીકૃષ્ણએ, અધર્મનો કર્યો તેજે નાશ,
મામા કંસનો વધ કર્યો કૃષ્ણે, પ્રજાના અતિભયનો કર્યો નાશ,

પ્રકૃતિમય બની રહ્યા શ્રીકૃષ્ણ, ગોવાળો સંગ બાંસુરી વગાડી,
માખણ-મિસરીની મટકી ફોડી, વ્રજ ગોપીઓને પ્રેમે લગાડી,

દ્રૌપદીના પુકારે કૃષ્ણે ચીર પુર્યા, વેર
આભાર - નિહારીકા રવિયા લેવાના વચનને નિભાવ્યું,
સખી-સખાના સંબંધની ઊર્જાથી, શબ્દોના વેણને નિભાવ્યું,

દીધી સેના કૌરવોને, પાંડવોની રખેવાળીએ રથે બન્યા સારથી,
મહાભારતના રણક્ષેત્રે, બન્યા રણછોડ ધર્મના બન્યા સારથી,

મહાભારત ક્ષેત્રે આપ્યું ગીતાજ્ઞાન, મુક્તિના માર્ગનો છે ઉપદેશ,
કૃષ્ણ ગીતા પાયો છે જીવનનો, જાતે યુદ્ધ લડવાનો છે ઉપદેશ,

કૃષ્ણ છે જીવનની રીત, સ્થિતિપ્રજ્ઞતાની છે આ જ ફિલોસોફી,
"ઝરૂખો" બોલે 'કૃષ્ણમ વંદે જગતગુરુ', મુક્તિની છે ફિલોસોફી.
-દિલીપ સી. સોની "ઝરૂખો"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS No. : 160

વિષય : કૃષ્ણમય
શીર્ષક : કૃષ્ણાયન
પ્રકાર : પદ્ય ; શબ્દો : ૪૬
જય જય માધવ, મનોહર, મુરારી,
શ્રીવિષ્ણુ, શ્રીકૃષ્ણ, શ્રીહરિ. પરમાનંદા...

જય જય ચૈતન્યધન, ચક્રધર, ચતુર્ભુજ,
ગોવિંદ, ગોપાલા, ગોર્વધનધારી. પરમાનંદા...

જય જય જગતનિયંતા, જગદ્ ગુરુ, જગદીશ્વર,
મુરલીધર, માખણચોર, મધુસુદન. પરમાનંદા...

જય જય રણછોડ, રાધામોહન, રાસરચયિતા,
નિરજંન, નટખટ કાના, નારાયણ. પરમાનંદા...

જય જય યોગેશ્વર, યાદવેન્દ્ર, યુગપુરુષ,
પુરુષોત્તમ, પદ્મનાભ, પરભ્રહ્મ. પરમાનંદા...
-રશ્મિકા અમીન 'રશ્મિ'

★★★★★★★★★★★★★★★★★★★★★★

### N. O. G. S. S, No. 0102.

વિષય :-જન્માષ્ટમી.
શીર્ષકઃ- દ્વારકામાં જન્માષ્ટમીની ઉજવણી.
શબ્દઃ-૩૨૦.

ચારધામ અને સાત પુરીઓમાં મુખ્ય એવું દ્વારકા ધામ જગ પ્રખ્યાત છે . અહીં ભગવાન શ્રી દ્વારકાધીશ રાજાધિરાજ રાજ રણછોડ તરીકે પૂજાય છે. હજારો વર્ષો પહેલા ભગવાને દ્વારકામાં મથુરા છોડી અને વસવાટ કર્યો અને ત્યાર પછી જીવનના અંતિમ સમય સુધી તેઓ દ્વારકામાં રહ્યા.

દ્વારકાનું જગત મંદિર આજે જગવિખ્યાત છે. ૧૫૬ ફૂટ જેટલી ઊંચાઇ ધરાવતું અને શિલ્પ કળા નો અદભુત એવો નમૂનો એ દ્વારકાધીશનું જગત મંદિર છે. એમ કહેવાય છે કે શ્રીકૃષ્ણના પ્રપૌત્ર વજનાભે આ મંદિર બનાવ્યું હતું. આમ તો દ્વારકા ૬ વખત સુધી સમુદ્રમાં ડૂબી ગઈ અને ફરી પાછું તેનું સર્જન થતું રહ્યું. આજનું આ શિખર એ ભગવાન દ્વારકાધીશ ની યાદી આપે છે . ગોમતી કિનારે ગોમતી નદી જેના ચરણો પખારે છે એવા ભગવાન શ્રી દ્વારકાધીશના શિખર ઉપર બાવન ગજની ધજા કાયમ માટે ફરકે છે. રોજની છ જેટલી ધજાઓ દ્વારકાધીશને અર્પણ કરવામાં આવે છે.

જન્માષ્ટમી એટલે ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ મહોત્સવ. આ દિવસે આખા મંદિરને લાઈટ થી ફૂલોથી તેમજ અન્ય સુશોભન સામગ્રી થી શોભાયમાન કરવામાં આવે છે. જન્માષ્ટમીના દિવસે લાખો ભક્તો ભગવાન દ્વારકાધીશના દર્શન કરે છે એટલું જ નહીં પણ ટીવી ઉપર પ્રસારિત થતા લાઈવ દર્શન જગતના કરોડો લોકો જુએ છે.

સવારથી સાંજ સુધી ભગવાનને જુદા જુદા ભોગ ધરાવવામાં આવે છે. શંખચક્ર , ગદા, પદ્મ, ધારણ કરેલા આવા ભગવાન શ્રી દ્વારકાધીશ અનેક વસ્ત્રો અને અલંકારોથી શોભાયમાન બને છે અને આમ રાજાધિરાજનો તે દિવસનો વિશેષ મહિમા છે . ભગવાન રાજાધિરાજ દ્વારકાધીશનો આ જન્મોત્સવ દ્વારકાના તમામ લોકો ધામધૂમથી ઉજવે છે. બજારોના શણગારવામાં આવે છે લોકો રંગ બેરંગી વસ્ત્રો પહેરી ભગવાનના દર્શન કરે છે.

રાત્રે બરોબર ૧૨:૦૦ વાગ્યે ભગવાન દ્વારકાધીશ નો જન્મ થાય છે, ત્યારે ભગવાનના મંદિરના દ્વાર ખુલતા નંદ ઘેર આનંદ ભયો ,જય કનૈયા લાલ કી, હાથી ઘોડા પાલખી, જય કનૈયાલાલ કી ના નાદ થી આખું મંદિર ગુંજી ઊઠે છે. હજારો ભક્તો તેના દર્શન કરી આશિષ મેળવે છે.

જન્માષ્ટમીના દિવસે લોકો વ્રત અને ઉપવાસ કરે છે. દાન દક્ષિણા આપે છે . ષઆખા દ્વારકાની અંદર ચારે તરફ રસોડામાં લોકોને જમાડવામાં આવે છે અને ભક્તો આ દિવસે આનંદથી પોતાનો દિવસ પસાર કરે છે.

રતીલાલ વાયડા

# લોકશાહી માં દરેક વ્યક્તિ ને ન્યાય અને હક માટે લડવાનો અધીકાર છે : કોગ્રેસ



આજરોજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ, રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર પરીષદ ને સંબોધન કરતા અમદાવાદ શહેર કોંગ્રેસ પ્રમુખ શ્રી હિંમતસિંહ પટેલે જણાવ્યું હતું કે, પોલીસ ગ્રેડ-પે બાબાતે કપિલ દેસાઈ દ્વારા જે પ્રમાણે લડત ચલાવી હતી તેને દબાવી દેવા માટે કપિલ દેસાઈ, સામાજિક કાર્યકર રાજેશ વાઢેર અને કલ્પેશ ચૌધરી પર સરકાર દ્વારા ૫ જીલ્લાઓમાં જે પાંચ ખોટી એફ.આઈ.આર. કરવામાં આવી હતી તેને નામદાર હાઈકોર્ટના ચુકાદા દ્વારા રદ કરવામાં આવી છે. લોકશાહી માં દરેક વ્યક્તિ ને ન્યાય અને હક માટે લડવાનો અધીકાર છે. આ લડત ચલાવવામાં ગુજરાતના લોકો, પોલીસ જવાનોના પરિવારો અને હાર્દિક પંડયા, નિલમ મકવાણા જેવા લોકોનું પણ મહત્વનું યોગદાન રહ્યું હતું. પોલીસ ફોર્સ એ ડીસીપ્લીન ફોર્સ છે પણ જ્યારે તેમના હક્ક-અધિકારો માટે તેમણે અવાજ ઉપાડ્યો ત્યારે તેમની ટ્રાન્સફર કરી દેવામાં આવ્યા, સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતાં. ગુજરાત પોલીસના કર્મચારીઓને ગ્રેડ પે નો વધારો મળે તે મુદ્દે યુવક કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા કપિલ દેસાઈ ઉપર પાંચ જીલ્લામાં અલગ-અલગ એફ.આઈ.આર. કરવામાં આવી હતી તથા કનડગત હેરાનગતિ ઉભી કરવામાં આવી હતી. તે મુદ્દે હાઈકોર્ટમાં પીટીશન કરવામાં આવી હતી. હાઈકોર્ટ દ્વારા અપાયેલ ચુકાદામાં પાંચેય જીલ્લામાં થયેલ એફ.આઈ.આર.ને રદ (ક્વોષ) કરવામાં આવી હતી. નામદાર હાઈકોર્ટ દ્વારા અપાયેલ ચુકાદાને કોંગ્રેસ પક્ષ આવકારે છે. કોંગ્રેસ પક્ષ હંમેશ જનતાને મુદ્દે લડત ચલાવી છે એ ખેડૂતો ના મુદ્દા હોય, વિધાર્થીઓ ના મુદ્દે, યુવાનોના મુદ્દે, રોજગારના મુદ્દે તમામ મુદ્દે કોંગ્રેસ પક્ષે હંમેશા લડત ચલાવી છે ને હમણા કોંગ્રેસ પક્ષ દ્વારા_ઈ ગેમઝોન અગ્નિકાંડ, મોરબી ઝૂલતાં પુલ દુર્ઘટના, હરણી તળાવ બોટ દુર્ઘટના, તક્ષશિલા અગ્નિકાંડ સહિત ના મુદ્દે ન્યાય યાત્ર ચલાવવા માં આવી હતી કોંગ્રેસ પક્ષ હંમેશા જનતાના મુ?દ્દે લડત ચલાવતી રહેશે. કાંડ અને કૌભાંડની સરકાર દ્વારા પોલીસનો દુરુપયોગ કરી જનતાના હક્ક માટે લડનારા સામે ખોટી ફરિયાદો થશે તો જરૂર પડે ન્યાય તંત્રનો દરવાજો ખખડાવો પડે તો તે પણ ખખડાવશે.

યુથ કોંગ્રેસ રાષ્ટ્રીય પ્રવક્તા કપિલ દેસાઈએ સંબોધનમાં ન્યાયીક લડત લડનાર એડવોકેટશ્રી રાજેન્દ્રસિંહ ઠાકોરનો આભાર વ્યક્ત કર્યો હતો. વર્ગ-૩ના કર્મચારીઓ માં સૌથી ઓછો ૧૮૦૦ ગ્રેડ પે ગુજરાત પોલીસ જવાનો નો છે જેઓની માંગણી ૨૮૦૦ ગ્રેડ પે કરવાની છે. જે અંગે જુલાઈ ૨૦૨૦ માં ગુજરાત પોલીસ ગ્રેડ પે વધારવાની માંગ સાથે આંદોલન કરવામાં આવ્યું હતું જેમાં ૩૩૦૦૦ થી વધુ લોકો ટેલિગ્રામ ગ્રુપમાં જોડાયા હતા અનેક વાર ટ્વિટર પર નંબર વન પર ટ્રેન્ડ ચલાવ્યા હતાં. ૨૧ જુલાઈ ૨૦૨૦ ના રોજ પ્રતિક ઉપવાસ આંદોલનની જાહેરાત કરવામાં આવી હતી જેમાં હજારો લોકો કોવિડ પ્રોટોકોલનું પાલન કરીને પોતાના ઘરે થી હાથમાં પ્લેકાર્ડ લઈને પ્રતિક ઉપવાસ આંદોલનમાં જોડાયા હતાં અને ઈપ્રતીક૦ઉપવાસ૦આંદોલન હેશટેગ સાથે ફોટો સોશિયલ મિડિયા પર અપલોડ કરીને જોડાયા હતા. સમગ્ર લડત ગાંધી ચિધ્યા માર્ગે કોઈપણ પ્રકારનું નુકશાન ન થાય તે મુજબ શાંતિ પૂર્વક રીતે કરવામાં આવી હતી.

# પ્રાઇવેટ શાળા છોડી બાળકો નાનોલની સરકારી પ્રાથમિક શાળામાં આવ્યા

## આજુબાજુના બાળકો જે પ્રાઇવેટ શાળાઓમાં ભણતા હતા તેઓ આ સરકારી શાળામાં ભણવા આવ્યા

પ્રતિનિધિ : થરાદ

છેલ્લા કેટલાક સમયથી ગુજરાતભર માં એક ખાનગી શાળાઓમાં બાળકોને ભણાવવાનો ક્રેઝ ચાલે છે જેમાં વાલીઓ એવું સમજી ને ખાનગી શાળામાં પોતાના બાળકોને ભણાવવા મુક્તા હોય છે કે ત્યાં સરકારી શાળા કરતા સારું ભણતર હશે પણ થરાદ તાલુકાના નાનોલની સરકારી પ્રાથમિક શાળામાં કઈક અલગ છે અહીયા આજુબાજુના બાળકો જે પ્રાઈવેટ શાળામાં અભ્યાસ કરતા હતા તે હાલ શાળામાં કાર્યરત આચાર્યના આવ્યા પછી શાળાના શિક્ષણ માં સુધારો થતાં અહી સરકારી શાળામાં પોતાના બાળકોને પ્રાઈવેટ શાળા માંથી લાવી ને એડમિશન અપાવે છે

નાનોલ પ્રાથમિક શાળામાં ૧૫મી ઓગસ્ટ ૭૮માં સ્વાતંત્ર દિવસની ઉજવણી રંગારંગ કાર્યક્રમ થકી કરવામાં આવી હતી જેમાં શાળાના આચાર્ય અણદાભાઈ પટેલ દ્વારા શાળાની પ્રવૃત્તિઓ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને શાળા બાળકોએ વિવિધ પરીક્ષાઓમાં ભાગ લઈ શાળા અને ગામનું નામ રોશન કર્યું છે તેવા બાળકોના નામ પણ ગામને જાહેર કરવામાં આવ્યા હતા અને બાળકોને નિયમિત સ્કૂલ મુકવા ખાસ ટકોર કરી હતી તેમજ આજુબાજુ ની પ્રાઈવેટ શાળાઓમાં અભ્યાસ કરતા બાળકો જે હવે આ સરકારી શાળામાં ભણવા માટે આવ્યા છે તેના વિશે પણ ચર્ચા કરી હતી અને આ રંગારંગ કાર્યક્રમમાં ભાગ લીધેલ તમામ બાળકોને એબીવીપી થરાદ શાખાના નગરમંત્રી રાજેશભાઈ જોષી(નાનોલ) દ્વારા ચોપડો અને પેન ભેટમાં આપવામાં આવી હતી અને શાળા પરિવાર થકી તેમનું સ્વાગત પણ કરવામાં આવ્યું હતું.

# શાળાકીય રમત સ્પર્ધામાં એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ બારીપાડાના વિદ્યાર્થીઓ ઝળક્યા




આહવા-ડાંગ

તારીખ ૨૧ઓગસ્ટ ૨૦૨૪ના રોજ યોજાયેલ રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવુતિ વિભાગ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત ગાંધીનગર ઉપક્રમે જિલ્લા રમત-ગમત અધિકારીશ્રીની કચેરી, સાપુતારા- ડાંગ દ્વારા આયોજન શાળાકીય રમત સ્પર્ધામાં ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી ગાંધીનગર અને પ્રાયોજના વહીવટદારશ્રી કચેરી આહવા-ડાંગના તાબા હેઠળ ચાલતી એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ-બારીપાડા શાળાના આચાર્ય સાહેબશ્રી પંકજભાઈ ગાવિત તેમજ શાળાના વ્યાયામ શિક્ષકશ્રી હિરેનભાઈ ગાઈનના માર્ગદર્શન હેઠળ જિલ્લા કક્ષાએં -૧૯ કબ્બડી સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી શાળાનું તેમજ પ્રાયોજના વહીવટદારશ્રી-ડાંગ તથા જીઈજી ગાંધીનગરનું ગૌરવ વધારેલ છે.

# નાગવીરી ગામે ભગવાન લક્ષ્મી નારાયણ નૂતન મંદિરનો ભાવ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો



મહેશ એલ. સોની નખત્રાણા

નાનકડા નાગવીરી ગામે ચાલી રહેલા તારીખ ૨૧ થી ૨૪ સુધી ચાર દિવસીય ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ, ઉમિયા માતાજી, અંબા માતાજી તેમજ અન્ય દેવ દેવીઓની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.પ્રથમ દિવસે હનુમાનજી મહારાજની રૂદ્રી, વીર વાછરાદાદા મંદિરે આરતી પૂજા તેમજ રાત્રે સિત્તેર વયથી ઉપરના

વડિલોની વંદના તેમજ સન્માન, સમાજનાં તેજસ્વી તારલાઓનું સન્માન,સમાજના વિવિધ ક્ષેત્રના પ્રતિભા સંપન્ન વ્યક્તિઓનું સન્માન કરવામાં આવ્યું હતું. દ્રિતીય દિવસે યજ્ઞ શાળામાં સ્થાપિત દેવ દેવીઓની પૂજા અર્ચના બાદ બપોરે વૃન્દાવન ધામ ખાતે મુખ્ય દાતા

ડાહ્યાભાઈ લીંબાણી પરીવાર (સિંગોટા ), ગોવિંદભાઈ લીંબાણી પરીવાર (અમદાવાદ) તેમજ અન્ય ભેટ

સોદાગોના દાતા દેવશી ભાઈ લીંબાણી, રતનશી ભાઈ લીંબાણી, ગંગદાસ ભાઈ લીંબાણી કરશનભાઈ લીંબાણી તરફથી ગામની ૯૦૦ દીકરીઓને વિવિધ ભેટ સોદગો આપી સન્માનિત કરવામાં આવી હતી. ૯૦૦ વૃક્ષો દિકરીઓના નામે વાવી પર્યાવરણ બચાવવાની એક નવી પહેલ કરી અન્ય સમાજને નવો રાહ ચિંધ્યો હતો. સાંસદ વિનોદભાઈ ચાવડા સહિત રાજકિય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા

તૃતીય દિવસે જલયાત્રા નગરયાત્રા, પધારેલ સંતો ના સામૈયા, સંતોના આર્શીવચન, અ.ભા.પાટીદાર સમાજનાં નવનિર્મિત પ્રમુખ શ્રી તેમજ સમાજના

મહાનુભાવોના સન્માન કરવામાં આવ્યા. પાટીદાર સમાજના ૨૪ ગામોના અગ્રણીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

રાત્રે જાણીતાં મોટી વેશન નેહલબેન ગઢવીનું પ્રેરક પ્રવચન યોજાયું હતું. અંતિમ દિવસે રાજ રાજેશ્વર મહાદેવ પાટોત્સવ,ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ,માં ઉમિયા, માં અંબાજી સહિત અન્ય દેવ દેવીઓની મૂર્તિ પ્રતિષ્ઠા, કળશ પ્રતિષ્ઠા,ધ્વજા રોહણ તેમજ બપોરે શ્રીફળ હોમહવન બાદ યજ્ઞની પૂર્ણાહુતિ કરવામાં આવેલ . બપોરે સભા મંડપમાં દાતાઓ,કાર્યકર્તાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. રાત્રે ધીરૂભાઈ પોકાર સાથી કલાકારો દ્વારા ભવ્ય સંતવાણી યોજાઈ હતી.અયોજન સમિતિના દેવશીભાઈ માવજી લીંબાણી, ગોવિંદભાઈ હિરજી લીંબાણી, સમાજ પ્રમુખ શિવજીભાઈ પોકાર,રતનશીભાઈ પોકાર, મહામંત્રી હિરાલાલભાઈ પોકાર , ગોવિંદભાઈ વાસાણી,તુલસીભાઈ વાસાણી, ચંદુલાલ લીંબાણી, ડૉ.દેવસી ભાઈ લીંબાણી, લખમશીભાઈ લીંબાણી, ગોવિંદભાઈ ભગત, મોહનભાઈ લીંબાણી , ભરતભાઈ પોકાર, નરેન્દ્ર ભાઈ રામાણી, ધીરજ ભાઈ ભાદાણી યુવક મંડળના પ્રમુખ ચેતનભાઈ વાસાણી, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી કલાબેન ભાદાણી સહિત નાઓએ કાર્યકર્મ સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી

મહાયજ્ઞના આચાર્ય પદે રવાપરના શાસ્ત્રી ગિરીશભાઈ જોશી રહ્યા હતા.

# જશોદામાની મૂર્તિ બનાવવાની પરંપરા જાળવતા વિરાણી મોટી પાટીદાર ના યુવાનો

મહેશ એલ.સોની: નખત્રાણા

જન્માષ્ટમી એટલે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન વિષ્ણુનો આઠમો કૃષ્ણ તરીકેનો અવતાર જે આખાય ભારત સહિત વિશ્વના ખૂણે ખૂણે વસતા સનાતન સમાજ ના લોકો ભક્તિભાવ પૂર્વક આનંદ ઉલ્હાસ પૂર્વક ઉજવતા હોય છે. નંદ ઘેર આનંદ ભયોના નાદ થી વાતાવરણ ગુંજી ઉઠતું હોય છે સાતમ આઠમના કચ્છમાં માતા જશોદાની માટીની મૂર્તિ બનાવવાની પરંપરા વર્ષો જુની છે. પાટીદાર, આહિર, રબારી જ્ઞાતિ દ્વારા આ પરંપરા હજુ પણ જળવાઈ રહી છે ખાસ કરીને પાટીદાર સમાજની મોટી વસ્તી ધરાવતા ગામોના લોકો જે ધંધાર્થે બહાર વસતા હોય છે પરંતુ સાતમ આઠમ નિમિત્તે અવશ્ય માદરે વતન આવી ઉત્સવ ઉજવતા હોય છે ત્યારે સમાન્ય રીતે ખાલી ખમ ભાસતા ગામડા સાતમ આઠમના



તહેવારોમાં પુનઃ ધમધમી ઊઠે છે.

મોટી વિરાણી ગામે પણ પાટીદારોની સંખ્યા મોટી સંખ્યામાં હોઈ સાતમ આઠમની સહિતનાં તહેવારો ગામમાં રોનક દેખાઈ આવે છે. મોટી વિરાણી ગામે પણ વર્ષો જુની મા જશોદા બનાવવાની પરંપરા હજુ પણ જળવાઈ રહી છે છેલ્લા કેટલાય વર્ષોથી ગામનાં પાટીદાર યુવક મંડળના સદસ્યો

રમણીક ભાઈ સોમજીયાણી, પ્રભુદાસ ભાઈ નાકરાણી ,કાંતિભાઈ વાડિયા, વિરેનભાઈ પોકાર ,નિલેશભાઈ નાકરાણી, કલ્પેશભાઈ નાકરાણી દ્વારા મા જશોદાની માટી ની મૂર્તિ સ્વ. હસ્તે તૈયાર કરી શણગારવામાં આવતી હોય છે. હાલના ઝડપી યુગમાં લોકોમાં સમયનો અભાવ જોવા મળે છે ઘણી બધી પરંપરા લુપ્ત થતી જાય છે ત્યારે પોતાના વ્યસ્ત જીવનમાંથી સમય કાઢી પરંપરા જાળવતા યુવાનો ખરે ખર અભિનંદનને પાત્ર છે.

# અંગદાનનો પ્રેરણારૂપ કિસ્સો : બે બહેનોના લાડકવાયા ભાઇને રક્ષાબંધનના દિવસે જ માર્ગ અકસ્માત નડ્યો !

બહેનોની રક્ષા કરવા ભાઇ સંકલ્પબધ્ધ હોય છે. બહેનના જીવનમાં ગમે તેવી ક્ષણ આવે, મુશકેલી આવે, પડકાર આવે ભાઇ તેની પડખે રહી બહેનની રક્ષા કરવા તૈયાર જ હોય છે. બહેન ભાઈના આ અતૂટ બંધનને અકબંધ રાખવા જ દેશમાં રક્ષાબંધન ઉજવાય છે.

પરંતુ ગુજરાતમાં રક્ષાબંધનના દિવસે એક કરૂણ ઘટના બની . મૂળ સુરેન્દ્રનગરના વેળાવદરના વતની પ્રકાશભાઇ કે જેઓ અમદાવાદમાં પેટીયુ રળવા કેટલાક સમયથી સ્થાયી થયા હતા તેઓ રક્ષાબંધનના રોજ અમદાવાદ થી સુરેન્દ્રનગર માદરે વતન પોતાની બહેનો પાસે રાખડી બંધાવવા માટે જઇ રહ્યાં હતા.

અમદાવાદ થી સુરેન્દ્રનગર બાઇક પર જતા ગામના થોડા જ અંતર પહેલા તેમનું બાઇક સ્લીપ થઇ ગયું. તેઓ રસ્તા પર પડ્યા અને માથાના ભાગે ગંભીર ઇજાઓ પહોંચી. પ્રારંભિક તબક્કે તેઓને સુરેન્દ્રનગરની એક હોસ્પિટલમાં સારવાર માટે લઇ જવામાં આવ્યા તબીબોને ઇજા ગંભીર જણાઇ આવતા તેઓએ પ્રકાશભાઇને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં રીફર કર્યા.

જીવન અને મરણ વચ્ચે ૬ દિવસની લડત આપ્યા બાદ પ્રકાશભાઇને તારીખ ૨૪-૦૮-૨૦૨૪ના રોજ તબીબો દ્વારા બ્રેઇનડેડ જાહેર કરવામાં આવ્યા. બ્રેઇનડેડ જાહેર કરાયા બાદ હવે અંગદાન માટે પરિવારજનોની સંમતિ મેળવવી ખુબ જ જરૂરી હતી. જેથી સિવિલ હોસ્પિટલ ખાતે હાજર પ્રકાશભાઇના પિતા મહેંદ્રભાઇ, માતા પાર્વતિબેન, બે ભાઇ રાજેન્દ્ર ભાઇ અને ચિરાગ ભાઇ, બહેનો હીનાબેન તથા



હેતલબેન , મોટા બાપા વસરામ ભાઇ, કાકા મહેંદ્રભાઇ અને કરશનભાઇ, કાકા ના દીકરા રાજેંદ્રભાઇ, કરણભાઇ, દીલીપભાઇ અને ભાવેશભાઇ, કાકી રમીલાબેન, માસી ગીતાબેન, ભાભુ વિજ્યાબેન તેમજ દાદા આલજીભાઇ ડાહ્યાભાઇ એમ કુલ ૨૫ થી ૩૦ પરીવારજનોએ એકસાથે મળી સર્વસંમતિથી દીકરા પ્રકાશના તમામ અંગોનો દાન કરવાનો નિર્ણય કરીને અન્યોના જીવ બચાવવાનો પ્રેરણાદાયી નિર્ણય કર્યો.

***રક્ષાબંધને રાખડી બંધાવવા અમદાવાદ થી માદરે વતન જઇ રહેલા પ્રકાશભાઇને માર્ગ અકસ્માતમાં માથાના ભાગમાં ગંભીર ઇજા પહોંચી : ૬ દિવસની સઘન સારવારના અંતે બ્રેઇનડેડ જાહેર કરાયા***

................

***પરિવારના ૨૫ થી ૩૦ સભ્યોએ એકજૂટ થઇ પરોપરકાર ભાવ સાથે બ્રેઇનડેડ પ્રકાશભાઇના તમામ અંગોના દાન કરવાનો હિતલક્ષી નિર્ણ કર્યો***

................

***પોતે હવે ભાઇને રાખડી નહી બાંધી શકે પરંતુ અંગદાનના નિર્ણયમાં સહભાગી બની બંને બહેનોએ અન્ય બહેનોના ભાઇઓનો જીવ બચાવી રાખડી બાંધવા તેમની કલાઇ અકબંધ રાખી***

........

***બ્રેઇન ડેડ પ્રકાશભાઇના અંગદાનમાં હ્રદય, બંને કિડની અને એક લીવર તેમજ બે આંખો ( કોર્નિયા) સાથે કુલ ચાર અંગો અને બે પેશીઓ ( કોર્નિયા)નું દાન મળ્યું***

અહીં આ ક્ષણે ખાસ કરીને પ્રકાશભાઇની એ બે બહેનો પણ શું વીતી રહી હશે કે જેમની રક્ષા કાજે તેમનો ભાઇ ઉત્સાહપૂર્વક રાંખડી બંધાવવા અમદાવાદ થી માદરે વતન ભણી મુસાફરી કરી રહ્યો હતો. પરંતુ આખરે તો પ્રભુને ગમ્યુ તે જ ખરૂ. પોતાનો ભાઇ તો હવે જીવંત રહ્યો નથી. હવે એ કલાઇ બચી નથી જેના પર સ્વ રક્ષા માટે રાખડી બાંધી શકે. માટે જ બહેનોએ પોતાના વ્હાલસોયા ભાઇના અંગોના અન્ય જરૂરીયાતમંદને ઉપયોગી થાય અને અન્ય બહેનના ભાઇની કલાઇ તેની રક્ષા કાજે જીવંત રહે તે ઉમદા ભાવ સાથે અંગદાનના નિર્ણયમાં ભારે હૈયે બંને બહેનો પણ સહભાહી બન્યા.

પ્રકાશભાઈ ના અંગદાનથી મળેલ બે કીડની, એક લીવરને સિવિલ મેડીસીટી કેમ્પસની જ કીડની હોસ્પિટલ અને હૃદય યુ.એન.મહેતા હોસ્પિટલમાં જરુરીયાતમંદ દર્દીમાં પ્રત્યારોપણ કરવામાં આવશે . આંખોને સિવિલ મેડીસીટી કેમ્પસની એમ એન્ડ જે આઇ હોસ્પિટલ માં આઇ બેંકમાં સ્વીકારવામા આવશે. આમ આ અંગદાન થી કુલ ચાર લોકોની જીંદગી આપણે બચાવી શકીશુ . તેમજ બે લોકો ને આંખોની રોશની આપી તેમના જીવનમાં એક નવી ઉજાસ આપણે પાથરી શકવા સહભાગી થયા છીએ.

સિવિલ હોસ્પિટલ દ્વારા અત્યાર સુધીમાં કુલ ૧૬૨ અંગદાતાઓ થકી કુલ ૫૨૪ અંગો નું દાન મળેલ છે. જેના થકી ૫૦૮ વ્યકિતઓને જીવનદાન મળ્યુ છે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલ સુપ્રીટેન્ડન્ટ ડૉ.રાકેશ જોષી એ જણાવ્યું હતું કે પ્રકાશભાઈ ના પરિવારજનોએ સાચા અર્થમાં "બધા ભારતીયો મારા ભાઈ બહેન છે" તે વાક્યને આત્મસાત કરી આપણે તમામ ભારતીયો સમય આવે એકબીજા માટે કોઈપણ જાતનો ભેદભાવ રાખ્યા વગર બધું જ કરી છૂટવા તૈયાર હોઈએ છીએ તે સાબિત કરી બતાવ્યું છે.

.............................

●અમિતસિંહ ચૌહાણ

## નીરગુડ માળ અને કાહડોળ ઘોડી ગામમાં બનાવેલ રસ્તો

# એક જ વર્ષમાં બેહાલ બન્યો જે તસવીર પરથી નજર કરી શકાય છે બીજું કહેવા જેવું નથી કારણ કે કોઈના નજરમાં નથી.....?



આહવા-ડાંગ

ડાંગ જિલ્લા પંચાયત વિભાગના માર્ગ અને મકાન અંતર્ગત એમ એમ જી એસ વાઘ ૨૦૨૧, ૨૨ હેઠળ રૂ.૪.૯૯.૮૦૦૦ ના ખર્ચે નીરગુડ માળા થી કાહડોળ ઘોડી વચ્ચે ચાર કિમી ના અંતરનાં રસ્તાનું નવીનીકરણ અને નાળા તેમજ સાઈડ સોલ્ડ્રીંગ નું કામ યુનિટી કન્ટ્રકશન આહવા ને આપવામાં આવ્યું હતું જે કામ શરૂ કર્યા મુજબ તારીખ /૪/૧૦/ ૨૦૨૨ અને કામ પૂર્ણ કરવાની તારીખ/૩/૧/૨૦૨૩ છે

આ રસ્તાના કામમાં યુનિટી કન્સ્ટ્રકશન એજન્સી દ્વારા નિમ્નકક્ષાનું મટીરીયલ વાપરવામાં આવતાં રસ્તો એક જ વર્ષના અંદર જ ખરાબ થઈ ગયો છે. જે તસવીરમાં દ્રશ્યમાન થઈ રહ્યો છે અને જગ્યાએ જગ્યાએ રસ્તો ખોદાઈ ગયો છે તેમજ નાળા ના કામમાં પણ વેઠ ઉતારવામાં આવેલ છે એમાં કોઈ બેમત નથી જે લોકોમાં ચર્ચા નો વિષય થઈ રહયો છે જેના લીધે નાળા ની જગ્યાએ રસ્તો બેસી ગયો છે નળાના કામમાં માત્ર નાળા નંખાયા છે. પાળી પણ બંધાઈ નથી જેના કારણે અહીં અવાર નવાર અકસ્માતો થાય છે રસ્તો નવીનીકરણ ના કામમાં ભારે ભ્રષ્ટાચાર છે જેની તટસ્થ તપાસ થશે તો મોટો ભ્રષ્ટાચાર ખુલ્લો પડશે તેમ છે.

ડાંગ જિલ્લા પંચાયત હસ્તક માર્ગ અને મકાન વિભાગ દરેક જગ્યાએ આવા જ કામો કરવામાં માહિર છે તેમાં કોઈ બે મત નથી જો આવું હોય તો અધિકારી આવે અને છાતી ઠોકી ને કહે કે અમારા દ્વારા કોઈ પ્રકારની ગેરરીતિ થઈ નથી હવે જોવાનું રહ્યું સરકાર કેવા પગલાં લે છે.

# ગેરકાયદેસર રીતે વસાવેલી મિલકત જપ્ત કરવામાં આવશે હવે ભ્રષ્ટાચાર કરવો પડી શકે છે ભારે ડાંગ જિલ્લામાં થશે કે પછી.....?

ગુજરાતમાં એક પછી એક અધિકારી સામે ભ્રષ્ટાચારની ફરિયાદો વધી રહી છે. આ અધિકારીઓમાંથી અનેક સામે મુખ્યમંત્રીની સીધી નજર હેઠળ પગલાં પણ લેવામાં આવ્યાં છે. અનેક અધિકારીઓને ફરજિયાત નિવૃત્ત કરવાના આદેશ પણ આપવામાં આવ્યા છે. ભ્રષ્ટ અધિકારીઓ અને ભ્રષ્ટાચાર કરતા અધિકારી પર લગામ લગાવવા માટે સરકાર હવે વિધાનસભામાં લાવી રહી સ્પેશિયલ બિલ લાવવા જઈ રહી છે. ફરજિયાત નિવૃત કરવામાં આવતા હોવા છતાં કેમ ભ્રષ્ટાચાર બાબતે અધિકારીઓ કેમ બે લગામ છે

હવે ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓની ખેર નથી. સરકાર ગુજરાત સ્પેશિયલ કોર્ટ બિલ ગૃહમાં રજૂ કરવાની તૈયારી કરી રહી છે. આ સ્પેશિયલ વિધેયક ચોમાસું સત્રના ત્રીજા અને અંતિમ દિવસે ગુજરાત સરકાર લાવશે. નવા કાયદા અંતર્ગત સ્પેશિયલ કોર્ટમાં કેસ ચાલશે. એટલું જ નહીં આ પ્રકારના કેસોમાં એસપી કક્ષાના અધિકારીઓને આખા કેસની તપાસ સોંપવામાં આવશે.

હાલ ચાલી રહેલાં ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રમાં સરકાર રજૂ કરશે સુધારા વિધેયક જે અંતર્ગત છઝ્મ એટલેકે, એન્ટી કરપ્શન બ્યૂરોને ફ્રી હેન્ડ અપાય તેવી શક્યતા છે. આ નવા કાયદા અંતર્ગત ગુજરાત સરકાર ભ્રષ્ટ બાબુઓની મિલકત જપ્તી સુધીનાં કડક પગલાં લેશે.

જો ભ્રષ્ટાચારી બાબુઓએ તેના અન્ય કોઈ નજીકના સગા-સંબંધીના નામે પોપર્ટી ખરીદી હશે તો નવા કાયદા હેઠળ આવી પ્રોપર્ટી જપ્ત કરી શકાશે. એટલું જ નહીં અન્ય વ્યક્તિ ના નામે રહેલી પ્રોપર્ટીના માલિકને પણ નોટીસ બજાવી તપાસ હેઠળ લાવી શકાશે. પૂર્વ એડિશનલ સેશન્સ જજથી નીચે ન આવતા હોય તેવા વ્યક્તિને ઓથોરાઈઝ ઓફિસર તરીકે નિમણુંક અપાશે. જેમાં ખાનગી કંપનીના કિસ્સામાં શેર રાજ્ય સરકાર હસ્તક કરવાના રહેશે.ડાંગ જિલ્લામાં પણ નવા જૂની થશે કે પછી અધિકારી મિત્રો હાથ તાળી આપસે સરકારને કારણકે ડાંગના અધિકારી મિત્રો બધીજ જગ્યાએ હાથ તાળી આપવામાં માહિર છે

જેમ કે ઇ એન્ડ મ વિભાગ // પાણી પુરવઠા વિભાગ ના અધિકારી મિત્રો // તલાટી મિત્રો પણ // પ્રધાનમંત્રી આવાસ યોજના મા પણ ડાંગ ખાતે ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે તેમાં કોઈ બે મત નથી



**Rajeeshkumar દિલ્હી ma રહે છે, જેઓ મશહૂર directro છે,ઘણા બધા શૉ પ્રમોટ કરી ચુક્યા છે,અને સપ્ટેમ્બર મહિનામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજી ઉપર એક ગીત relese કરવા જઈ રહ્યા છે,જેનું નામ છે ભારતકી શાન ખૂબ ધન્યવાદ રાજીશભાઈ. દેશ વિશે ની ભાવના અને ખાસ કરીને જયારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી હોય તો દેશ ભક્તો ની ભાવના અને લાગણી વધે એમાં કઈ અજુગતું હોય જ નહિ, જય હો મોદીજી. ફરીથી એક વાર ધન્યવાદ રાજીશભાઈ.**

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.